# આધ્યાત્મિક કેડી

તંત્રી : સમ્પાદક : કૈલાસબહેન એન. પરીખ



ॐ भूर्भुवः स्वः ॐ ततसवितुर्वरेण्यं भर्गोदिवस्य
धीमहि धियोयोनः प्रचोदयात ॐ ॥

પરમ તેજદાત્રી મા ગાયત્રી

વર્ષ ૩ ] જુલાઈ ૧૯૮૪ [ અંક ૩

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ—૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.

સરનામું :
કે. એન. પરીખ
મેદનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૬૭૯૯૭

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૩ • જુલાઈ : ૧૯૮૪ • અંક ૩

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | અનુષ્ઠાન ... ... | ૩ |
| ૨. | ભક્ત નરસિંહ મહેતાને પરમાત્માનો સાક્ષાત્કાર ... ... | ૫ |
| ૩. | જ્ઞાનગોષ્ઠિ ... ... | ૧૧ |
| ૪. | આત્મગુંજન-૩ — ડૉ. કાન્તિલાલ કાલાણી ... | ૧૪ |
| ૫. | પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... ... ... | ૧૬ |
| ૬. | આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં ... ... | ૨૨ |
| ૭. | માતાજીની પ્રેરણાથી પરદેશગમન ... ... | ૨૪ |
| ૮. | શૈશવથી જ પરમતત્ત્વની ઉપાસનાના અંકુર ... ... | ૨૫ |
| ૯. | પારુલને ઓસ્ટીઓમાઈલીટીઝ સારો થયો ! ... ... | ૨૭ |
| ૧૦. | પૂજ્ય ગુરુદેવનો કાર્યયજ્ઞ – અમેરિકામાં ... ... | ૨૯ |
| ૧૧. | કાવ્યપ્રસાદ ... ... | ૩૧ |
| ૧૨. | સમાચાર ... ... | ૩૨ |





વાર્ષિક લવાજમ : રૂ. ૧૦

આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑકટોબર માસમાં પ્રગટ થશે.

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મેટ્રન ક્વાર્ટર્સ, ન્યુ સીવીલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧


Scanned by CamScanner





# અનુષ્ઠાન

નવરાત્રિમાં અનુષ્ઠાન કરવાનું માહાત્મ્ય વિશેષ ગણાયું છે. વર્ષની ચાર નવરાત્રિમાં આસો નવરાત્રિનું વિશેષ મહત્ત્વ છે. આ વર્ષે તા. ૨૬ સપ્ટેમ્બરથી ૩ જી ઑક્ટોબર સુધી ૮ દિવસની નવરાત્રિ છે. અનુષ્ઠાન કરવા ઇચ્છતા ઉપાસક ભાઈબહેનોએ આઠ દિવસ કે શરદપૂનમ સુધી અનુષ્ઠાન કરી શકાય.

## ૧. અનુષ્ઠાન એટલે શું ?

શિસ્તબદ્ધ રીતે આયોજેલ શક્તિની ઉપાસના. મન, વચન અને કર્મથી પવિત્ર રહી, શિસ્તબદ્ધ રીતે સ્થળ, સમય અને માળાનો ક્રમ નક્કી કરી પોતાની શારીરિક અને માનસિક શક્તિ અનુસાર અનુષ્ઠાનનો આરંભ કરવો.

## ૨. અનુષ્ઠાનના પ્રકાર :

**લઘુ અનુષ્ઠાન :** જેમાં ૨૪ હજાર ગાયત્રી મંત્રજાપ, સમય અને સ્થળની મર્યાદામાં રહીને કરવા. નવરાત્રિનું પર્વ આઠ દિવસનું હોવાથી રોજની ૩૧ માળા ગાયત્રી મંત્રજાપની કરવી પડે.

**અનુષ્ઠાન :** સવાલાખ મંત્રજાપ, શરદપૂનમ સુધી ૧૪ દિવસનું (૧ દિવસ ઓછો હોઈ) પર્વ રોજની ૯૦ માળા ગાયત્રી મંત્રજાપની કરી શકાય. ઉપાસકની શારીરિક અને માનસિક શક્તિ અનુસાર અનુષ્ઠાનના દિવસોમાં વધઘટ કરી શકાય.

**પુરશ્ચરણ :** ૨૪ લાખ ગાયત્રી મંત્રજાપ. નવરાત્રિના આઠ કે નવ દિવસમાં પુરશ્ચરણ કરી શકાય નહિ. દરરોજની કેટલી માળા શિસ્તબદ્ધ રીતે કરી શકાશે તેની ગણતરી કર્યા પછી જ પુરશ્ચરણનો પ્રારંભ કરી શકાય. તેની વિગતે ચર્ચા જરૂર જણાવે અન્ય કોઈ પ્રસંગે કરીશું.

## ૩. અનુષ્ઠાનનો આરંભ કેવી રીતે કરશો ?

આપના દેવસ્થાનમાં જ્યાં માતાજીની–ઈષ્ટદેવની ઉપાસના કરતા હો તે સ્થળે દર્ભનું આસન પાથરી પૂર્વાભિમુખ બેસવું. દીવો, અગરબત્તી, ધૂપ વિગેરે યથાશક્તિ કરવું. અન્ય કોઈ વિશેષ વિધિવિધાનની જરૂર નથી. સંપૂર્ણ શ્રદ્ધા અને અનન્ય શરણાગતિથી મા–બાળકનો સંબંધ કેળવીને ગાયત્રી મંત્રજાપ ચાલુ કરવા.



Scanned by CamScanner

આ વખતના નવરાત્રિ પર્વ માટે જો તમે લઘુઅનુષ્ઠાન કરવા ઇચ્છતા હો તો, તમારે દરરોજની ૩૧ માળા કરવી પડશે. એકીસાથે ૩૧ માળા ન કરી શકાય તો તમારી શક્તિ અનુસાર ૭, ૧૧ કે ૧૫ માળા કર્યા પછી થોડો વિશ્રામ રાખો. ફરીથી બાકીની માળા કરો. મંત્રજાપ કરવા બેસવાનો, માળાના ક્રમનો અને વિશ્રામ લેવાનો સમય દરરોજનો નિયત હોવો જરૂરી છે.

દા. ત. તમે સવારે ૪ વાગે મંત્રજાપ કરવા બેસો અને ૧૫ માળા કર્યા પછી દસ મિનિટનો વિશ્રામ રાખો તો દરરોજ એ ક્રમ જ જાળવી રાખવો.

**૪. અનુષ્ઠાન દરમિયાન પાળવાના અન્ય નિયમો :**

(૧) સાદો સાત્ત્વિક આહાર એક વખત કરવો. (ઉપવાસ કરવાની જરૂર નથી.)

(૨) ઘરમાં જ બનાવેલો ખોરાક જમવો.

(૩) મન-વચન-કર્મથી પવિત્ર રહેવું. અન્ય કોઈ વિધિવિધાનની આવશ્યકતા નથી.

સ્થાપન કરવું, થાળ ધરાવવો કે પૂર્ણાહુતિ વખતે હોમહવન, વિસર્જન વિગેરે કરવું આવશ્યક નથી. પરંતુ સમય હોય અને આવડતું હોય તો કરવામાં વાંધો નથી.

બીક રાખીને કોઈપણ ઉપાસના કરવી નહિ. માતાજી માટે અને માતાજી દ્વારા જ આ કાર્ય થઈ રહ્યું છે તેવી ભાવના કેળવવી.

**૫. નવરાત્રિ સિવાય અન્ય સમયે અનુષ્ઠાન કરી શકાય ?**

દર મહિનાની સુદ એકમથી અનુષ્ઠાનનો આરંભ કરી શકાય.

**૬. અનુષ્ઠાન દરમિયાન સુતક, માસિક કે અન્ય કોઈ અડચણથી અનુષ્ઠાન અધૂરું છોડવું પડે તો–**

(અ) અનુષ્ઠાન આગળ ચલાવી પૂરું કરી શકાય ? (બ) માતાજીનો કોઈ અપરાધ થયો ગણાય ?

(અ) અધૂરું અનુષ્ઠાન આગળ ચલાવી પૂરું કરી શકાય નહિ. નવેસરથી શરૂ કરી પૂર્ણ કરવું.

(બ) સાંસારિક કે શારીરિક અડચણને કારણે અનુષ્ઠાન છોડવું પડે તેમાં માતાજીનો કોઈ અપરાધ થયેલો ગણાય નહિ. કોઈપણ જાતની ભીતિ–બીક રાખ્યા વગર ઉપાસના કરવી.

□


પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત



**આરતી ટ્રેડર્સ**

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫




Scanned by CamScanner

# ભક્ત નરસિંહ મહેતાને પરમાત્માનો સાક્ષાત્કાર

[ શ્રદ્ધા અને શરણાગતિના બે રાજમાર્ગો જ ઈશ્વરપ્રાપ્તિ– ઈશ્વર સાક્ષાત્કાર તરફ દોરી જાય છે.

નરસિંહ મહેતાની અનન્ય શ્રદ્ધા અને શરણાગતિ જ તેને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકી. ખુદ પરમાત્માએ પ્રત્યક્ષ આ સંસારમાં આવી તેનાં સાંસરિક કામો પાર પાડયાં.

સંત પુનિત પ્રકાશિત જનકલ્યાણના અંકમાં શ્રી નરહરિભાઈ દવે દ્વારા આલેખાયેલ રસપ્રદ ભક્ત નરસિંહ મહેતાનું મહાઆખ્યાન 'આધ્યાત્મિક કેડી'ના વાચકોને પ્રેરણાપ્રદ નીવડશે. એ આશાએ અમારા સ્થળ–ફલકને ધ્યાનમાં રાખી સાભાર રજૂ કરતાં આનંદ અનુભવું છું. —સંપાદક ]

જૂનાગઢના તળાજામાં નાગર જ્ઞાતિનાં પાંચ–છ ખોરડાં વસતાં હતાં. એમાંના એક અતિ જર્જરિત ઘરમાં આજે દોડધામ મચી રહી હતી. ઘરના સ્વામી કૃષ્ણદાસ આગળની ઓસરીમાં બેઠા બેઠા ભાગવત વાંચી રહ્યા હતા. ભાગવત એટલે ભગવાનના અવતારોનું મહિમા ગાન. જ્યાં ભગવાનના મહિમાનું ગાન સતત થતું હોય ત્યાં જન્મ પ્રભુભક્તનો જ થાય ને! કૃષ્ણદાસની પત્ની પ્રસુતિની અસહ્ય પીડા અનુભવી રહ્યાં હતાં. તેમને ત્યાં એક પુત્રની પધરામણી તો સત્તર વર્ષ અગાઉ જ થયેલી હતી. એનું નામ વંશીધર, એટલે ઘરનાં માણસો અત્યારે કલ્પના કરી રહ્યા હતા કે દીકરો જન્મશે કે દીકરી.

પુત્રવધૂનો હેમખેમ છૂટકારો થાય તેથી દાદીમા જયકુંવર શ્રદ્ધાપૂર્વક 'ૐ નમઃ શિવાય' મંત્રની માળા ફેરવી રહ્યાં હતાં. તેમને ઈષ્ટદેવ હાટકેશ્વર પર અખૂટ આસ્થા હતી.

ત્યાં જ એક સ્ત્રીએ અંદરથી બહાર દોડી આવી સમાચાર આપ્યા : 'ભાઈ, દીકરો આવ્યો!' 'જેવી ભોળાનાથની ઇચ્છા' કહી ગોખલામાં ભાગવત મૂકી કૃષ્ણદાસ બહાર નીકળી ગયા. કૃષ્ણદાસનો આ દ્વિતીય પુત્ર તે નરસિંહરામ.

નરસૈંયાના જન્મ પછી, ત્રણ વર્ષની વયે પિતા પરલોક સિધાવ્યા. આઠ વર્ષના નરસિંહને મૂકીને માતા પણ ગુજરી ગઈ. આથી બંને ભાઈઓની જવાબદારી દાદીમાને માથે આવી પડી.

વંશીધરનાં લગ્ન દુરિતગૌરી સાથે થઈ ગયાં.

નરસૈંયો આઠ વર્ષનો થયો છતાં બોલતાં ન શીખ્યો. સાંભળે બધું, સમજે સઘળું, પણ બોલે નહિ. આંખના ઇશારાથી બધું સમજાવે. દાદીમા ખૂબ અકળાવા લાગ્યાં. દાદીમાને હાટકેશ્વર પર અડગ આસ્થા હતી. જૂનાગઢમાં આવેલ એ મંદિરમાં સવાર–સાંજ ભક્તોની ભીડ જામતી. જયકુંવર બાના મનમાં ઓચિંતુ જ એક દિવસ ઊગી આવ્યું કે નરસૈંયાને સાથે લઈ હાટકેશ્વરનાં દર્શને જાઉં. હાટકેશ્વર તો ખૂબ ભોળા છે. નરસૈંયો યે ખૂબ ભોળો છે. ભોળાના ભગવાન છે. સંત સાધુની અમીદૃષ્ટિ પડી જશે તો જરૂર બોલતો થઈ જશે. દાદીમાએ ભોળાનાથનાં ચરણોમાં વંદન કરી નરસૈંયાને ય સાષ્ટાંગ પ્રણામ કરાવ્યા. એક સંત ત્યાં આવી ચડયા. દાદીમાએ કહ્યું કે, 'મહારાજ, મારો આ પૌત્ર આઠ વરસનો થયો છતાં કંઈ બોલતો નથી. આપ કંઈ દવા કરો.'



Scanned by CamScanner

જપમાં મગ્ન બનેલા સંતનું ધ્યાન જયકુંવરમાંના વચનો સાંભળીને ભંગ થયું. નરસૈંયા તરફ તેમણે દૃષ્ટિ કરી ભગવાનના ધ્યાનમાંથી ચિત્તને ખેંચી લઈ સંતે ભગવાનના કામમાં ચોંટાડયું. સંતને નરસૈંયામાં પરમ ભક્તનાં આર્ષ દર્શન થયાં. નરસૈંયાને પાસે બેસાડી બોલ્યા : 'મૈયા, આ તમારો નરસૈંયો તો જબરો ભગત બનશે. એ અત્યારે ભલે બોલતો નથી, પણ જ્યારે બોલશે ત્યારે એની વાણી સાંભળીને લોકો પાણી પાણી થઈ જશે. આ પુત્ર ભક્તિમાર્ગનો ભોમિયો બનશે. પોતે તરશે ને લાખો લોકોને ય તારશે. મૈયા, શ્રદ્ધા રાખો. સૌથી બળવાન શ્રદ્ધા છે. શ્રદ્ધાની દોરી એકવાર દૃઢતાપૂર્વક ઝાલી રાખો. પછી તમારી મનોકામનાઓ પરિપૂર્ણ થાય છે કે નહિ, એની ખાતરી કરી જુઓ.'

મહારાજે નરસૈંયાને માથે હાથ મૂકયો, જીભે આંગળી મૂકી અને મૂંગો નરસૈંયો બોલતો થઈ ગયો. સંતના સ્નેહભર્યા સ્પર્શથી નરસૈંયાના જીવનમાં અજબનો પલટો આવ્યો. વિદ્યાભ્યાસમાં એને રુચિ જાગી. સંસ્કૃતનું જ્ઞાન મેળવવા લાગ્યો, અને ભજનો બનાવીને ગાવા લાગ્યો.

દસ વર્ષની વયે જૂનાગઢ પાસેના મજેવડી ગામના નાગર રઘુનાથ પુરુષોત્તમની સાત વર્ષની કન્યા માણેકગૌરી સાથે નરસિંહરામનાં લગ્ન કરવામાં આવ્યાં. માણેકગૌરી રૂપાળી ને સંસ્કારી હતાં.

નરસિંહરામનું ચિત્ત ભણવામાં ચોંટતુ નહીં. સંત તરફથી પ્રાપ્ત થયેલો 'રાધેકૃષ્ણ'નો મંત્ર નરસિંહરામને રોમેરોમે રણકી રહ્યો હતો. તેમની જીવનચર્યાનો મોટો ભાગ ભજન-કીર્તન ને સત્સંગમાં વીતવા લાગ્યો. સંસારના બીજા રસ ફિક્કા લાગવા માંડયા. જ્યાં જ્યાં ભજન-કીર્તન થતાં ત્યાં તેઓ પહોંચી જતા. સવારનો મોટો ભાગ ભોળાનાથની ભક્તિભરી પૂજામાં વીતાવતા. નરસિંહરામની વયના અન્ય યુવાન નાગરો નોકરીમાં સ્થિર થવા માંડયા હતા, ત્યારે નરસિંહરામ બિલકુલ બેફિકરા બની પ્રભુભક્તિમાં મગ્ન બની ગયા હતા. ભજન-સત્સંગમાં મગ્ન બની બેસતા નરસિંહરામ મોડી રાત્રે કે વહેલી સવારે ઘેર પાછા ફરતા. તેમની આવી અનિયમિતતાથી ભાભી દુરિતગૌરી ત્રાસી ગયા હતા. દુરિતગૌરી તેમને ઠપકો આપતા. નાગરી ન્યાતમાં તેમની ટીકા થવા લાગી, પણ નરસિંહરામને કશાની પરવા નહોતી. કમળપત્ર પરથી જળબિંદુ સરી પડે એમ આ ટીકાનાં-ઠપકાનાં વચનો-નરસિંહરામના હૃદયકમળને સ્પર્શ્યા વિના સરી પડતાં હતાં.

નરસિંહરામ સાધુઓની સંગતે બેસી રહેતા. જૂનાગઢની ધર્મશાળાઓમાં મથુરાથી દ્વારિકા જવા માટે રાસમંડળીઓ આવતી. તે મંડળીઓ રાસલીલા રમતી ત્યારે નરસિંહરામ રસપૂર્વક જોડાતા. રાસલીલામાં તન્મય બની જતા. નરસિંહરામને દેહ ને ગેહનું ભાન ન રહેતું.

આવી અનિયમિત રખડુ જિંદગી જીવતા નરસિંહરામ પર ભાભી હંમેશા કોપાયમાન રહેતા અને મોટાભાઈ વંશીધરને ઉશ્કેરતા ને ભંભેરતા.

નરસિંહરામે પોતાની જાતને હરિને ચરણે સમર્પી હતી. સંતકૃપા ઊતરી, વાચા ખૂલી ત્યારથી સદ્‌ગુરુએ આપેલ 'રાધેકૃષ્ણ'નો મંત્ર જીવનમાં વણી લીધો. હતો. ને તે અવિરત ચાલતો હતો. વંશીધરે આ ઘેલછા છોડી દેવા ખૂબ સમજાવ્યા, પણ નરસિંહના હૈયા પર પ્રભુભક્તિનો પાકો રંગ ચડી ચૂકયો હતો.

સોળ વર્ષની વયે પહોંચવા છતાં કોઈ સુધારો ન થતાં મોટાભાઈ વંશીધરે વિદ્યાભ્યાસ છોડાવી દીધો અને ઘોડાઓની સારસંભાળ લેવાની અને ગિરના જંગલમાંથી ઘાસ કાપી લાવવાની જવાબદારી તેને માથે નાખી. તેઓ એ કામ ખૂબ જ ઊલટભેર કરવા લાગ્યા, પણ પ્રભુભક્તિમાં કોઈ જ વિક્ષેપ ન પડયો.



Scanned by CamScanner

નરસિંહરામનાં પત્ની માણેકગૌરી સહનશીલ હતાં. જેઠાણી દૂરિતગૌરીને પ્રસન્ન રાખવા ઘરકામનો બોજ પોતે એંચ્યે રાખતાં. કડક નિરીક્ષકનાં માફક દુરિતગૌરી એમના પર હુકમ ચલાવતા ને રોફ જમાવ્યે રાખતા. માણેકગૌરીની કૂખે પહેલી પુત્રીનો જન્મ થયો. નામ કુંવરબાઈ. બે વર્ષ પછી દીકરો જન્મ્યો. નામ શામળદાસ. દિયર-દેરાણીનું આ સંતાનસુખ વંધ્યા દૂરિતગૌરીથી સહન ન થયું. અને તે ઇર્ષ્યાની આગમાં બળવા લાગી. વાતે વાતે વાંકું પાડવા લાગી. પણ નરસિંહ ને માણેકગૌરી તેમનો પડયો બોલી ઝીલી લેતા હતા. ભાઈ-ભાભીની બધી જ પજવણીઓ મૂંગે મોઢે સહન કર્યે જતા હતા. નરસિંહરામે ગીતાનો અભ્યાસ ખંતથી કર્યો હોઈ શ્લોકો આચારમાં ઉતારવા માંડયા હતા.

દાદીમા જયકુંવર વ્યથિત હૈયે પથારીવશ હોઈ જોઇને સહન કર્યે જતાં હતાં. હવે કુંવરબાઈ મોટી થઈ હતી. ઉનાના ધનિક ગણાતા શ્રીરંગધર મહેતાના પુત્ર વસંતરાય સાથે કુંવરબાઈનાં વેવિશાળ કર્યાં ને લગ્ન લીધાં. કુંવરબાઈનાં લગ્ન કરી આપ્યાં એટલે નરસિંહરામ ને માણેકગૌરી મોટાભાઈના ઉપકારના ભાર નીચે દબાઈ ગયા અને ચુસ્તપણે તેમની આજ્ઞાનું પાલન કરવા લાગ્યા.

ભાઈ-ભાભીના કોપના ભોગ ન બનવું પડે એટલે નરસિંહરામે ભજન-કીર્તન ને સત્સંગમાં જવાનું માંડી વાળ્યું હતું. પણ તેમનું હૈયું આકુળવ્યાકુળ થતું હતું.

એક વાર ઘાસ કાપવા જંગલમાં ખૂબ ઊંડે જવું પડયું તેથી આવતાં ખૂબ મોડું થયું. થાકયા-પાકયા નરસિંહરામે સ્નાન કરી ખાવાનું માગ્યું. દિવસ આખો માણેકગૌરી પર દૂરિતગૌરી કુંગરાયેલી રહેતી, ને નરસિંહરામને ઘેર આવતાં મોડું થતાં કડક સ્વરે ગર્જી કે 'જો મોટો ભગતડો થયો છે તે, અક્કલ તો ઠેકાણે છે ને! ઘાસ કાપવાને બહાને સવારથી ભીખમંગાના ટોળામાં ફર્યા કરવું, પછી ઘેર આવી શિરજોરી કરવી, તો શું અમારે તમારે માટે મરવું?' ભાભીનું આ વર્તન-વાણી નરસિંહરામને ન ગમ્યાં. ભાઈ-ભાભીના સુખને ખાતર ભજન-સત્સંગ છોડયા છતાં કોઈ કારણ વિના ભાભી ક્રોધમૂર્તિ બન્યાં છે. નક્કી, ભાભીના અંતરનો પ્રેમ મેળવવામાં મારામાં જ કંઈ ખામી છે એમ ભગતને થયું. તેઓ ભાભીને માતાની માફક માનતા હતા. તેમણે વિનયભર્યા સ્વરે કહ્યું કે, 'ભાભી, હું આજે સત્સંગમાં જઈ શકયો નથી. ઘાસ કાપવા દૂર જવું પડે છે એટલે વાર લાગી જાય છે. ખૂબ ભૂખ લાગી છે!' માણેકગૌરી બારણાની ઓથે રહી સ્વામીની થઈ રહેલી અવહેલના નિહાળી રહ્યાં હતાં. પોતાની નિર્દોષતા સાબિત કરવા નરસિંહરામે બધા જ પ્રયત્નો કરી જોયા, પણ દૂરિતગૌરી બંનેને દબાયેલાં રાખવા જ ઇચ્છતી હતી. ભાભીએ નરસિંહરામને બે દિવસની વાસી રોટલી ખાવા આપી. ને પતિને માટે ગરમ રસોઈ તૈયાર રાખી. ભર્યા ભાણા પરથી ઊઠી જાય તો અન્નદેવનો અનાદર કર્યો કહેવાય. આથી સૂકી-વાસી રોટલી પાણી પીને નરસિંહરામે ગળે ઊતારી.

ભાભી તાડૂકયાં: 'ગરમાગરમ રસોઈ જમવી હતી, તાવડીએથી ઊતરતાં ગરમ ગરમ ફૂલકાં ખાવાં હતાં તો અમલદારી કરી શકે તેવી લાયકાત મેળવવી હતી ને!' ભાભીનો ક્રોધ અકારણ હતો, તેથી નરસિંહરામ મૌન રહ્યા. મોટાભાઈ ઘેર પાછા ફરતાં ભાભીએ હૈયાવરાળ કાઢી. થાકયા-પાકયા ઘેર આવેલા મોટાભાઈએ ભાભીની વાત સાંભળી તેનો પક્ષ લીધો ને તાડૂકી ઊઠયો: 'તું તારું ફોડી લે. ઘર છોડીને અહીંથી ચાલ્યો જા!'

નરસિંહરામને ખૂબ ઓછું આવ્યું. કદી યે ન અનુભવ્યો હોય એવો સંતાપ આજે એ અનુભવી રહ્યા હતા. પોતાના ઓરડામાં પત્ની નિદ્રાધીન થઈ ગઈ હતી. પત્નીને જગાડીને સાથે લેવી કે કેમ એની વિમાસણમાં પડયા. પત્નીને સાથે લે તો શામળને પણ સાથે લેવો પડે. પોતાનું હજી તો ઠેકાણું



Scanned by CamScanner

નહોતું ત્યાં ત્રણ ત્રણ જીવો અંધકારભર્યાં ભાવિમાં ડગ ભરે તો મેળ ન પડે. આખરે, એકલા જ ઘરનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો. પોતાની ગેરહાજરીમાં મોટાભાઈ માણેકગૌરી ને શામળને સાચવશે, નહિ તો પિયેર વળાવશે, તો શામળને મોસાળનું સુખ તો મળશે. પોતાની જેમ દિશાશૂન્ય બની જ્યાં ત્યાં ભમવું ન પડે! આમ ભરનિદ્રામાં પોઢેલી પત્ની તરફ એક દૃષ્ટિપાત કરી ઘરની બહાર નીકળી ગયા.

ચાલતા ચાલતા એક જૂના પુરાણા શિવાલય પાસે આવી પહોંચ્યા. ભોળાનાથ આરાધ્ય દેવ હતા, છતાં નરસિંહરામ અત્યારે અનાથ અસહાય હોવાનો અનુભવ કરી રહ્યા હતા. તેમણે મનોમન વિચાર્યું કે, હવે તો ઇષ્ટદેવનાં ચરણોમાં જ મસ્તક મૂકી દઈ એમનું શરણું લેવું છે. ભોળાનાથ પ્રસન્ન ન થાય ત્યાં સુધી અહીંથી હડવું નથી. ભોળાનાથ રીઝે નહીં તો એમનાં ચરણોમાં જ મરણને મીઠું કરવું છે. મંદિરના પટાંગણમાં બીલીનું ઘટાદાર વૃક્ષ હતું, ત્યાંથી બીલીપત્ર ચૂંટી લાવી, આજુબાજુથી પુષ્પો ભેગાં કરી પૂજાનો આરંભ કર્યો. ભોળા શંભુનું આહ્‌વાન કરતાં નરસિંહરામે પ્રભુને પોકારવા માંડયો. ભોળાનાથનાં ચરણોમાં આત્મનિવેદન કરતાં કરતાં નરસિંહરામની વાણી રૂંધાઈ ગઈ. અનિમેષ નયને શિવલિંગ ભણી જોયા કર્યું. મનમાં જબરું ઘમસાણ મચી રહ્યું હતું, પણ શિવલિંગને પાષાણની માફક સ્તબ્ધ રહેલું જોતાં અકળામણ વધી ગઈ; 'ભોળાનાથ, તમને કોણ ભોળા કહે? ભક્તોને છેતરવા માટે જ ભોળપણનો સ્વાંગ રચ્યો છે. તમે ભોળાનાથ નથી, પણ કપટીના ય કપટી છો!' રાત વીતી ગઈ ને પ્રભાત પ્રગટ્યું, તેમનું એક જ રટણ હતું: 'દર્શન દો! ભોળાનાથ, દર્શન દો! પ્રગટ થાવ!' પણ આમ ને આમ સાત દિવસ ને સાત રાત વીતી ગયાં. શિવલિંગના થાળા પર એમનું મસ્તક એમનું એમ રહી ગયું ને બેહોશ બની ગયા.

—ને ભોળાનાથે સાક્ષાત્ દર્શન દીધાં. શિવલિંગમાંથી પ્રગટ થયેલા ભોળાનાથે બેભાન બનેલા ભક્તને સ્નેહભર્યે સ્વરે જગાડવા માંડયા. ભક્તના શિર પર શિવજી સ્નેહભર્યો હાથ પસવારવા લાગ્યા. ભોળાનાથની વાણી સાંભળી ભક્ત ભાવવિભોર બની ગયા. તેમણે તો કેવળ ભોળાનાથને પ્રસન્ન કરવા નિષ્કામભાવે આરાધના કરી હતી. તેમની તપશ્ચર્યામાં ફળપ્રાપ્તિની રજ માત્ર અપેક્ષા નહોતી. સંસાર-ચોકમાં ઓથ નહોતી. એટલે એક માત્ર ઓથ માગી હતી પણ ભગવાન સામેથી વરદાન માગવા કહી રહ્યા હતા. કેવળ વાત્સલ્યની આશા હતી. ભગવાન પાસે શું માગવું તેની વિમાસણમાં નરસિંહરામ પડી ગયા.

ભોળાનાથના દર્શનમાં નરસિંહરામ ભાભીના મેણાનો માર પણ વિસરી ગયા. શું માગવું તે ન સૂઝતાં નરસિંહરામે તો ભોળાનાથની શરણાગતિ જ સ્વીકારી લીધી. તેમણે કહ્યું: 'ભગવાન, માગવાની ઇચ્છા મારા સ્વપ્નમાં પણ નથી છતાં આપની આજ્ઞાની અવજ્ઞા નથી કરી શકતો. આજથી તમે મને 'પોતાનો' જ કહીને સ્થાપ્યો. આપને જે અત્યંત પ્રિય વસ્તુ હોય તે આપો.' શિવજી પુલકિત થઈ ઊઠયા. આવો નિષ્કામ ભક્ત લાંબે ગાળે હાથ આવ્યો.

ભોળાનાથ સ્નેહભર્યે સ્વરે બોલ્યો: 'હાથીના પગલાંમાં જેમ સર્વ પગલાં સમાઈ જાય તેમ શ્રીકૃષ્ણ દર્શનમાં સકળ સુખો સમાઈ જાય છે. આ દુનિયામાં દુર્લભમાં દુર્લભ હરિદર્શન છે. 'મોટા મોટા મુનિઓ જેમનાં દર્શનાર્થે વર્ષોનાં વર્ષો વીતાવી નાખે છે એ હરિદર્શન ભક્ત માટે સુલભ છે. હરિદર્શનથી જીવન સફળ થાય છે અને ભવસાગર સહેલાઈથી તરી જવાય છે.' એમ કહી ભગતને સાથે લઈ ભોળાનાથ નંદી પર સવારી કરી દ્વારિકાપુરી આવી પહોંચ્યા. શિવજી ભગતને શ્રીકૃષ્ણને મહેલે લઈ આવ્યાં. ધર્મસભામાં વિરાજમાન થયેલા શ્રીકૃષ્ણનાં દર્શન થતાં જ ભક્ત ભાવવિભોર બની ગયા. ભોળાનાથે નરસિંહરામને શ્રીકૃષ્ણનાં ચરણોમાં મૂકી કહ્યું: 'ભગવન્, નરસિંહરામને આપનાં ચરણોમાં સ્થાન આપો. આપ તો ભક્તવત્સલ છો. શરણાગતને સહર્ષ સ્વીકારી લઈ પોતાનો બનાવી દો'.



Scanned by CamScanner

ભગવાન શ્રીકૃષ્ણ સ્નેહભર્યે સ્વરે બોલ્યા : 'વત્સ, હું અને ભોળાનાથ બંને એક જ છીએ. અમે બંને એકબીજાની પૂજા કરીએ છીએ. મારી અને શિવજી વચ્ચે ભેદભાવ રાખનારાની ભક્તિ કદી યે ફળતી નથી. તેં સાત સાત દિવસ સુધી શંભુની પૂજા કરી, એ મારી જ પૂજા કરી છે. તારી સાધનાથી જેમ શિવજીને તેં પ્રસન્ન કર્યા છે એમ મને ય વશ કરી લીધો છે'.

શિવજી ભક્તનો હાથ શ્રીકૃષ્ણ ભગવાનના હાથમાં સોંપી દઈ કૈલાસ તરફ રવાના થયા.

શરદપૂનમ એટલે ગોપીઓ સાથે ભગવાનની રાસલીલાનો ઉત્સવ. એ રાત્રે દ્વારિકામાં પણ રાસલીલા રમાતી. રાસલીલાના પ્રારંભ પહેલાં પટરાણીઓએ ગોપીઓનાં સ્વરૂપ ધારણ કરી લીધાં, પ્રભુએ પણ ગોપીઓ જેટલાં જ સ્વરૂપો ધર્યાં. એક કાન ને એક ગોપી, બે કાન ને એક ગોપી, એક કાન ને બે ગોપી. દિવ્ય રાસલીલા યોજાઈ. નરસિંહે પણ ગોપીનો વેશ ધારણ કર્યો. ભક્તનો ગોપીભાવ જોઈ ભગવાનની પ્રસન્નતાનો પાર ન રહ્યો. પ્રભુએ રાસલીલાનો પ્રારંભ કર્યો.

પૂનમનો ચાંદ સોળે કળાએ પ્રકાશી રહ્યો હતો. મશાલના તેજના ઝગહળાટ વિના મજા શી રીતે આવે ? ભગવાને નરસિંહને હાથમાં મશાલ આપી રાસની વચ્ચે ઊભા રાખ્યા. રાસ જોવામાં મગ્ન ભક્તરાજ વિસરી ગયા કે હાથમાં મશાલ છે ને સળગતી મશાલની જ્યોત હાથ લગી આવી પહોંચી. હાથ દીવેટ બનીને સળગવા લાગ્યો. ને દિવ્યપ્રકાશ પાથરવા લાગ્યો. ભગવાનનું ધ્યાન એ તરફ ગયું. ભગવાને દોડીને આગને બુઝાવી દીધી. તેની તન્મયતાથી પ્રભુ પ્રસન્ન થયા ને વરદાન માગવા કહ્યું ત્યારે ભકતે કહ્યું કે, 'તમારા સાન્નિધ્યમાં રહીને સારું-નરસું, હિત-અહિત શું છે, શામાં છે તે આપની કૃપાથી સમજણને દીવે સ્પષ્ટ જોઈ શકું છું, પછી મને માયાની જાળમાં શા માટે ફસાવો છો ?' આ સાંભળી ભગવાને કહ્યું કે,

'મારા ભક્તોને મોક્ષ મેળવાની પણ ઇચ્છા થતી નથી. પણ નરસિંહરામ, મૃત્યુલોકમાં જન્મેલા સંસારી જન પર ત્રણ પ્રકારનાં ઋણ ચડેલાં હોય છે, જ્યાં સુધી ગૃહસ્થાશ્રમી સ્ત્રી-સંતાનનું ઋણ ચૂકવતો નથી, પિતૃઓનું ઋણ ફેડતો નથી અને દેવઋણમાંથી મુક્ત થતો નથી ત્યાં સુધી ચોરાશી લક્ષ યોનિના ફેરામાંથી મુક્ત થઈ શકતો નથી. આથી તું મારા આદેશને માથે ચડાવી સંસારમાં પાછો જા. ત્રણેય ઋણમાંથી મુક્ત થઈ હળવો ફૂલ બની જા'. ભગવાનની વાત ભક્તને આકરી લાગી.

'ભગવાન, સંસારથી કંટાળેલાને નવો કંટાળો ન આપો. આપના દર્શન પછી ઋણમુક્તિ ન થાય તે સંભવિત નથી.'

ભગવાને કહ્યું કે, 'તારી વાત સાચી છે, પણ લોકસંગ્રહની ખાતર તારે મારી આજ્ઞા પાળવી જોઈએ. ઋણ-મુક્તિની મર્યાદા જાળવવી જોઈએ. ખૂબ આનંદભેર સંસારમાં પાછા ફરો. સંસારમાં તમારે જે જે કર્મો કરવાં પડે એ મારી સાધના સમજી કર્યા કરો. મારી મૂર્તિની પૂજા કરશો એટલે મારા સાક્ષાત્ મિલન જેવો આનંદ તમારે અંતરે થશે. તમારા જેવા આત્મજ્ઞાનીને મૂર્તિ-પૂજાની જરૂર આમ તો રહેતી નથી, છતાં તમને મારી મૂર્તિ આપું છું. ભક્તિભાવે એની પૂજા કરજો. એથી તમારી ભક્તિ પણ દૃઢ બનશે તમે તો મારા આપ્તજન છો. હું તમને આ કરતાલની ભેટ આપું છું. આ કરતાલના તાલ સાથે તમે કેદારો ગાશો ત્યારે તમને સહાય કરવા દોડી આવવાનું વચન આપું છું.' ભગવાનના એ આદેશને ભક્તે શિરોમાન્ય કર્યો એટલે વિદાયવેળાએ પ્રભુએ —

રાગ કેદારો આપ્યો

કરતાલ આપી હરિએ નિજ હાથે,
'આવીશ હું જરૂરથી', સ્મરણ મારું કરતાંની સાથે.



Scanned by CamScanner

પ્રભુએ નરસિંહના હાથમાં કરતાલ મૂકી. સુંદર પીતાંબર પહેરાવ્યું. પ્યારા ભક્તને માથે પ્રભુએ પોતાને વરદ હસ્તે પોતાના જેવો જ સુંદર મોર–પિચ્છનો મુકુટ પહેરાવ્યો. વહાલા વિભુએ વહાલભરી વિદાય આપી.

જીર્ણ શિવાલયને ઉંબરે બેહોશ પડેલા ભક્તના દેહને પ્રભાતનાં સોનેરી કિરણો સ્પર્શવા લાગ્યાં. પવનની મીઠી લહેરખીએ ભક્તને જાગ્રત કર્યા. જીર્ણ જૂનાં વસ્ત્રની જગાએ સુંદર રેશમી પીતાંબર અને મયૂર–પિચ્છનો મુકુટ ધારણ કરેલાં હતાં. એક હાથમાં પ્રભુની પ્રતિમા હતી – બીજા હાથમાં કરતાલ હતી. થાકેલા દેહમાં દિવ્ય ચેતનાનો અનુભવ થઈ રહ્યો હતો. હતાશ હૈયું હસી રહ્યું હતું. સમીપમાં જ બે ઘોડા જોડેલો સુંદર રથ ઊભો હતો. રથમાં અક્રૂરજી ને ઉદ્ધવજી બેઠેલા હતા. ભગત ભાવસમાધિમાંથી જાગીને રથમાં બેઠા. નરસિંહરામને મોટાભાઈને આંગણે ઊતારી રથ લઈને દ્વારિકા પાછા ફર્યા.

[ ક્રમશઃ

□


Processors of Sarees and Dress Materials

**Plain and Printed**

**Polyester American, Crimp Polyester, Dani Chiffon**

**Crimp Voil, Crimp Woolly, Crimp Chiffon and American Dyed.**

**Quality & Class Printers**

**BHARUCHA & SONS**

**Dyeing Printing & Finishing House**

Plot No. 207, 'A' Road, G. I. D. C.

**PANDESARA** ( Dist. Surat. )

Phone : Resi. : 25646, 36946

Phone : Offi. : 88704, 88705




Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

**પ્રશ્ન** : ઈશ્વરપ્રાપ્તિ માટે જ્ઞાન, કર્મ, ભક્તિ ને યોગમાર્ગોનું નિદર્શન ભગવદ્‌ગીતા તેમ જ અન્ય શાસ્ત્રોમાં જોવા મળે છે, તો એ ચારે ય માર્ગનો આશરો લેવો કે ગમે તે એક માર્ગે જવું? શા માટે?

**ઉત્તર** : ઈશ્વરપ્રાપ્તિ માટે જ્ઞાન, કર્મ, ભક્તિ અને યોગનું નિદર્શન કરવામાં આવે છે, પણ મારા મતે તો સાધકે-વ્યક્તિએ ગમે તે એક માર્ગનું જ અનુસરણ ને આચરણ કરવું જોઈએ. આપણું એક ગન્તવ્યસ્થાન છે, ત્યાં જુદા જુદા માર્ગે જઈ શકાય છે. રાજમાર્ગેથી અથવા ગલીકૂંચીએથી, આપણને જે રસ્તો વધારે સરળ અને અનુકૂળ પડે અને ઓછી મહેનતે આપણા નિશ્ચિત ગન્તવ્યસ્થાને મોડા પણ નહિ, વહેલા પણ નહિ પણ સમયસર પહોંચી શકીએ તેવો રસ્તો આપણે પસંદ કરવો જોઈએ. જો મોડાં પહોંચીએ તો આપણે આપણું કાર્ય ચૂકી જઈએ છીએ, વહેલાં પહોંચી એ તો આપણે થોભવું પડે છે.

તે જ રીતે ઈશ્વરપ્રાપ્તિ માટે, ઈશ્વરોપાસના માટે જ્ઞાન, ભક્તિ, કર્મ અને યોગમાંથી આપણને જે માર્ગ જચે, રુચે, અનુકૂળ અને સરળ પડે તે માર્ગ અપનાવવો જોઈએ. તે માર્ગે આપણે ક્રિયાશીલ બનવું જોઈએ. સૌ પ્રથમ આપણું ધ્યેય ઈશ્વરોપાસના હોવું જોઈએ. ઈશ્વરોપાસના કરતાં કરતાં જ આપણે ઈશ્વરને મેળવી શકીએ. આથી ઈશ્વરપ્રાપ્તિ એ આપણું બીજું ધ્યેય હોઈ શકે, બની શકે. ત્યારે પરમાત્માને મેળવવા માટે આપણે પહેલાં પરમાત્માની જે ઉપાસના કરવાની છે એને માટે ઉપરોક્ત ચારમાંથી ગમે તે એક માર્ગ પસંદ કરવાનો છે. અને એ માર્ગે સાધકે-વ્યક્તિએ આગળ જવાનું છે.

ઈશ્વરોપાસના માટે વ્યક્તિ પોતે જે માર્ગ પસંદ કરે તે પહેલાં તેનું સંચિત્ કર્મ, તેની પૂર્વેની ઉપાસના જ તે તે માર્ગ પ્રતિ વાળે છે, તે તે માર્ગમાં તેને પ્રીતિ-રુચિ જગાડે છે ને તદનુસાર તે ઈશ્વરીય કર્મ કરે છે. પ્રભુની કૃપા સંપાદન કરે છે ને આગળ વધે છે. એટલે વ્યક્તિ કયા માર્ગે ઈશ્વરની ઉપાસના કરશે તે તો પૂર્વ ભવથી જ નિશ્ચિત થતું આવે છે. એટલે સાધક કર્મનો દોર્યો દોરવાય છે.

મારા સ્વાનુભવને આધારે મારું સ્પષ્ટ સૂચન છે કે, વ્યક્તિએ સમ્પૂર્ણ શ્રદ્ધા ને શરણાગતિપૂર્વક પરમાત્મા સમક્ષ શિશુભાવ કેળવી નિષ્કામ ભક્તિ આદરવી. એ અંગે મારાં 'નિષ્કામ ભક્તિ'ના તેમ જ અન્ય લેખોમાં એનું વિશ્લેષણ થઈ ચૂક્યું છે એટલે તેની વીગતોમાં અહીં નહીં ઊતરીએ. સામ્પ્રતકાલીન સામાજિક સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરીએ તો ભક્તિ, નામસ્મરણ, જપ ને પ્રાર્થના મનુષ્યને માટે-સાધકને માટે વિશેષ શ્રેયસ્કર ને ઉપકારક નીવડી શકે તેમ છે. ભક્તિ જેવો શબ્દ કોઈ પણ સાધક કે વ્યક્તિને કદાચ ભડકાવે તો એનું સરળીકરણ કરીને કહું તો કોઈ પણ મનુષ્યે દિવસનો અમુક સમય ઈષ્ટના સ્મરણમાં જપમાં, પ્રાર્થનામાં વિતાવવો જોઈએ. દરેકે પોતાનો નિત્યક્રમ નક્કી કરવો જોઈએ. બને તો બ્રાહ્મમુહૂર્ત સર્વોત્તમ ને સર્વશ્રેષ્ઠ છે.

**પ્રશ્ન** : ગુરુદેવ, આપ વારંવાર બ્રાહ્મમુહૂર્ત પર જ શા માટે ભાર મૂકો છો? બ્રાહ્મમુહૂર્ત સિવાયના સમયમાં કરીએ તો ન ચાલે?

**ઉત્તર** : જ્યારે તમારો આશય કેવળ પરમતત્ત્વની ઉપાસના જ છે, તમે શરીર અને મનથી સમગ્રતયા પરમતત્ત્વમાં લીન થવા માગતા હો તો બ્રાહ્મમુહૂર્ત એટલે કે સવારના ચારથી સાતનો સમય



Scanned by CamScanner

વિશેષ અનુકૂળ ને ઉત્તમ છે. કારણ કે પરમતત્ત્વની ઉપાસના માટે એકાગ્રતા ને શાંતિ વિશેષ આવશ્યક છે. ચાર વાગ્યે ઊઠીને તમે જોશો. તો જણાશે કે આજુબાજુનું સમગ્ર વાતાવરણ સમ્પૂર્ણ શાંત હોય છે. તમારું ઘર કોઈક બહારના રોડ પર હશે તો ક્યાંક મોટર, ગાડી, રીક્ષાના હોર્નનો કે લોકોની અવરજવરનો થોડોક અવાજ લાગશે, તે સિવાય સર્વત્ર શાંતિ, નિઃશબ્દતાનો અનુભવ થશે. આ અનુભવ તમારું ઘર શહેરથી દૂર કોઈક સોસાયટીઓમાં કે ગલીઓની અંદર હશે ત્યાં આવો અનુભવ વિશેષ થશે. આ શાંત–નીરવ નિઃશબ્દ–વાતાવરણમાં જપ વગેરે કરવાથી વાતાવરણનો આપણા સમગ્ર શરીર, મન, પ્રાણ ને અસ્તિત્વ પર વિશેષ પ્રભાવ પડે છે. આથી અલૌકિક શાંતિ–માનસિક શાંતિ–નો અનુભવ થાય છે.

ઈશ્વરીય–ઇષ્ટની કૃપા વિના સઘળું અસંભવ ને અશક્ય છે. એ વિના માનવી કંઈ જ કરવા સમર્થ થઈ શકતો નથી. પોતાના પૂર્વ ભવના કર્મના બળે વ્યક્તિ ઈશ્વરાભિમુખ બને, ઈશ્વરોપાસના આદરે ને ઈશ્વરીય કૃપાનો અધિકારી બને, કે ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરે કે તરત જ એ વ્યક્તિનો–ઉપાસકનો આત્મવિકાસ સધાવા માંડે છે. તેના પર દૈવી ગુણોનો ઉદ્‌ભવ થાય છે. તેનું 'કર્મ' કેવળ સત્કર્મ–સેવાકીય બની રહે છે. ઈશ્વરીય કૃપા પ્રાપ્ત થતાં ઉપાસકને આપોઆપ જ પરમતત્ત્વની ઉપાસનાનું એ અલૌકિક–અગોચર પ્રદેશનું 'જ્ઞાન' ગોચર થવા માંડે છે. ઇન્દ્રિયગમ્ય–બુદ્ધિગમ્ય બનવા લાગે છે અથવા બીજી રીતે કહીએ તો ઉપાસકમાં આપોઆપ જ જ્ઞાનનો ઉદ્‌ભવ થઈ જાય છે જ્યારે તેના પર ઇષ્ટની કૃપા ઊતરે ત્યારે. વ્યક્તિનું ચિત્ત–ઉપાસકનું ચિત્ત, તેની સઘળી વૃત્તિઓ–પ્રવૃત્તિઓ ઈશ્વરના–ઇષ્ટના સ્મરણને અભિમુખ બનીને રહે છે. આ દશ્યમાન જગતના–લૌકિક વ્યવહારના સ્મરણમાં જીવન અને સંસારનાં સઘળાં સુખો પ્રત્યે તેનું ચિત્ત ઉદાસીન ને વિરક્ત બનવા માંડે છે ને કેવળ એક માત્ર રસ તેને ઇષ્ટના–પરમતત્ત્વના સ્મરણમાં જાગી રહે છે. ત્યાં જ તેની ભક્તિનો આવિર્ભાવ થાય છે. અને જ્યારે કોઈપણ વ્યક્તિનું તન, મન, પ્રાણ ને સમગ્ર અસ્તિત્વ કેવળ પરમતત્ત્વમાં રસાન્વિત થવા માંડે, તેનામાં જ લીન બની રહે ત્યારે ઉપાસક–વ્યક્તિ યોગના માર્ગે વળી રહેલો ગણાય. એટલે એક રીતે જોવા જઈએ તો પરમતત્ત્વની ઉપાસનામાં આ જ્ઞાન, ભક્તિ, કર્મ ને યોગ બધું એકમેકનું પૂરક છે. એના કોઈ અલગ ચોકા પાડી નથી શકાતા. એ સઘળું જ ઇષ્ટની કૃપા અને વ્યક્તિના સંચિત્ કે પ્રારબ્ધ કર્મના બળે વ્યક્તિને સાધ્ય બની શકે છે.

કોઈપણ ઉપાસકનું પ્રથમ કર્તવ્ય ઈશ્વરાભિમુખ બનવાનું છે, પછી તેની ઉપાસના કરવાનું છે. એને માટે પુરુષાર્થ કરવાનો છે, ચિત્ત ઇષ્ટના સ્મરણમાં–જપમાં સુપેરે એકાગ્ર થઈ શકે છે. પરમતત્ત્વની સાથે અનુસંધાન સાધવા માટે આ સમય સર્વ રીતે ઉત્કૃષ્ટ છે. જેમ રસ્તો ઓળંગવા માટે વાહનોની અવરજવર વિનાનો રસ્તો હોય તો આપણે કેવા સડસડાટ પસાર થઈ જઈએ છીએ, વળી કેટલીક વાર તો આપણા નિશ્ચિત સ્થાને વેળાસર પહોંચવા માટે અવરજવર વિનાનો કે ઓછી અવરજવરવાળો રસ્તો આપણે પસંદ કરતા હોઈએ છીએ. બ્રાહ્મમુહૂર્તમાં ઉપાસના કરવા માટે પણ આવું જ છે. આજુબાજુનું સમગ્ર વાતાવરણ શાંત હોય, ઘરના બીજા સભ્યો પણ કદાચ સૂતા હોય, તેથી ઘરમાં અન્ય કોઈ જ અવાજ ન થતો હોય. આપણે સ્નાન–શૌચાદિથી પરવારી માતાજીની છબી કે ઇષ્ટની છબી સામે આસન પર બેઠા હોઈએ, ઘૃતદીપ પ્રજવળતો હોય, અગરબત્તીની સુવાસ પ્રસરતી હોય, કદાચ કેવળ મંદિરની લાઇટ ચાલુ હોય કે પછી દીપજ્યોત અંધારા ઓરડામાં કેવળ પ્રજવળતી હોય તે દશ્ય–દર્શન એટલું બધું અલૌકિક ને શાતાકારી લાગે છે તે અનુભવે જ સમજાય. એ દર્શન કરતાં કરતાં મંત્રજપ કરતાં હોઈએ ત્યારે લાગે છે કે જાણે આપણી ચેતનાનો પ્રવાહ કોઈક અગમ્ય–



Scanned by CamScanner

અગોચર તત્ત્વ પ્રત્યે વહી રહ્યો છે. આપણી અંદરથી કશુંક નીકળીને કશાક ભણી જવા માટે તલસી રહ્યું હોય તેમ લાગે છે. એ અનુભૂતિ દ્વારા ચિત્ત અલૌકિક શાંતિ અનુભવી શકે છે. અને એમ કરતાં કરતાં જ આત્મા પરમાત્મા સાથે અનુસંધાન સાધી શકે છે.

જેમણે ખરેખર પરમતત્ત્વ સાથે અનુસન્ધાન સાધી લીધું છે એવા સિદ્ધપુરુષો–સન્તોના પરોક્ષ-રૂપે-સૂક્ષ્મરૂપે આશીર્વાદ ને પ્રેરણા પ્રાપ્ત કરવાનો આ સમય ઉત્તમ છે. જેમણે જે કોઈ સંતને–સિદ્ધ પુરુષને પોતાના ગુરુપદે સ્થાપ્યા છે તેમને તેમના તરફથી તેમની આધ્યાત્મિક ને આત્મિક શક્તિનો લાભ મળે છે. કોઈપણ મનુષ્યને માટે–સાધકને માટે બ્રાહ્મમુહૂર્તમાં જપ વગેરે દ્વારા આધ્યાત્મિક–દૈવી શક્તિ પ્રાપ્ત કરવા માટે પણ આ સમય સર્વોત્તમ છે.

જેમને ધ્યાન કરવામાં અભિરુચિ છે તેમને માટે પણ ચારથી પાંચનો સમય વિશેષ અનુકૂળ નીવડે છે, એમ હું માનું છું.

એટલું જ નહિ, કથળેલા સ્વાસ્થ્યને સુધારવા માટે અને સુધરેલા સ્વાસ્થ્યની વિશેષ રક્ષા માટે, જાળવણી માટે પણ બ્રાહ્મમુહૂર્તમાં જપ કરવાનું વિશેષ સલાહભરેલું છે. બ્રાહ્મમુહર્તમાં જપ કરવાથી આખો દિવસ શરીર ને મન ખૂબ જ પ્રસન્નતાસભર, તાજગીપૂર્ણ, સ્વસ્થ, શાંત, સ્થિર–નિર્વિકલ્પ ને શક્તિસંપન્ન રહે છે. દિવસ દરમ્યાન ગમે તેટલું શારીરિક–માનસિક કામ કરવા છતાં થાક લાગતો નથી. ક્યાંકથી કોઈક શક્તિનો પ્રવાહ શરીર અને મનમાં અગમ્યપણે પ્રાપ્ત થયા કરતો હોય તેમ લાગે છે. એના દ્વારા સઘળાં કામો–વ્યવહારો પરત્વે કોઈક અગમ્ય પ્રેરણા ને માર્ગદર્શન વ્યક્તિને અંદરથી જ મળ્યા કરે છે. વ્યક્તિએ કોઈ અન્ય આશ્રય લેવાની ખાસ જરૂર નથી પડતી. બ્રાહ્મમુહૂર્તમાં થતા જપ વ્યક્તિના ચહેરા પર અલૌલિક દીપ્તિ જન્માવે છે. એ દીપ્તિ તે વ્યક્તિના વ્યક્તિત્વને આકર્ષક બનાવે છે અને એનાથી આકર્ષાઈને કોઈ પણ વ્યક્તિ તેની સાથે પ્રેમપૂર્વક વર્તે છે, આદરમાન આપે છે, સત્કારે છે અને જરૂર પડે મદદ કરવા તત્પર રહે છે. આ સઘળાનું રહસ્ય કેવળ આધ્યાત્મિક–દૈવી શક્તિ જ છે, જે વ્યક્તિએ નિજી પુરુષાર્થ દ્વારા સંપન્ન–સંપાદન કરી લીધી છે.

વળી, સવારનો ચાર વાગ્યાનો સમય અત્યંત ઠંડક પ્રસરાવતો હોય છે, એવા વાતાવરણમાં વ્યક્તિની નિદ્રા વધુ ગાઢ બને છે. આથી એ ગાઢ નિદ્રાનો પરિત્યાગ કરી, પથારી છોડીને ઊઠી, સ્નાન–શૌચાદિથી પરવાર્યાથી જ શરીર ને મન તાજગી ને પ્રસન્નતા અનુભવે છે. પ્રફુલ્લતા લાગે છે. આથી પ્રાતઃકાળનો નિદ્રાત્યાગ જ બહુ મોટી વાત છે. જે વ્યક્તિને સઘળી રીતે ઉપકારક બની રહે છે.

છતાં, આ કેવળ સ્વાનુભવનો વિષય છે. કરી જોજો, ને શું થાય છે તે કહેજો.

□




મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

'ભગવતી'

✻

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

# આત્મગુંજન : ૩

ડૉ. કાન્તિલાલ કાલાણી

**સંયમ કોને કહીશું ?**

જરૂર પૂરતો ઇન્દ્રિયોનો અને અન્તઃકરણનો ઉપયોગ.

ખપ પૂરતો આહાર–વિહાર          વાણીનો સમ્યક્ ઉપયોગ.

માપસર નિદ્રા.          કામનાઓ પર અંકુશ.

**ભગવાનના માર્ગને વળગી રહેવા શું કરવું ?**

ભગવદ્ભજન અને નામસ્મરણમાં ડૂબેલા રહેવું.

સંતોનો અને અનુભવી પુરુષોનો નિરંતર સમાગમ કરવો.

ચિત્તને ભટકવા ન દેવું.

**ખરો વૈરાગી કોને કહેવાય ?**

જેને કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ નથી.          જે સર્વત્ર પ્રભુકૃપાનાં દર્શન કરે છે.

જે જીવનના અંતિમ શ્વાસ સુધી ભગવાનનું જ સ્મરણ, ચિંતન, મનન, ભજન કરે છે.

પદાર્થોની હાજરીથી તેની પ્રસન્નતા વધતી નથી કે તેમની ગેરહાજરીથી નાખુશી થતી નથી.

જે આધિ, વ્યાધિ, ઉપાધિ અને મૃત્યુનો સહજપણે સ્વીકાર કરે છે.

**જીવનમાં પ્રાપ્ત કરવા જેવું શું છે ?**

નિર્ભયતા, સત્ય અને પ્રેમ.

સત્ય એ આત્મા છે અને પ્રેમ આત્માની અવર્ણનીય સુગંધ છે.

**સત્યની અનુભૂતિ ક્યારે થાય ?**

પોતે દેહ નથી પણ આત્મા છે એવો દૃઢ નિશ્ચય થાય ત્યારે.

પરિપૂર્ણ ચિત્તશુદ્ધિ થાય ત્યારે.

**પરમ પ્રેમનો અનુભવ ક્યારે થાય ?**

પોતાપણાનો ભાવ મટે ત્યારે.  અહંકારનું પૂર્ણપણે વિસર્જન થાય ત્યારે.

(અહંની હાજરી હોય છે ત્યાંસુધી પ્રેમની કૂંપળો ફૂટતી નથી. અહંનો લય થતાં પ્રેમનું પુષ્પ પરિપૂર્ણ ખીલી ઊઠે છે.)

સર્વ કોઈનો આપણામાં સમાવેશ થઈ જાય અને આપણે કોઈની બહાર રહીએ નહીં, ત્યારે પ્રેમની પૂર્ણતાનો અનુભવ થાય છે.

**આ સંસારમાં સૌથી વધુ ગતિમાન શું ?**          માનવીનું મન.

**શેનો પરિગ્રહ ન કરવો ?**          દૃશ્ય પદાર્થોનો.          વિચારોનો.

**સંસારના સુખ–દુઃખનો અન્ત ખરો ?**          સાચી સમજણથી સુખ–દુઃખમાંથી મુક્તિ મળે.

**લક્ષ્મીને કોની પાસે રહેવું ગમે ?**          ઉદ્યમી પાસે અને નીતિમાન વ્યક્તિ પાસે.

**સાચું તીર્થ કયું ?**          જ્યાં મનનો મેલ દૂર થાય તે.

**પસ્તાવો કરવાનો ક્યારે વારો ન આવે ?**

સમજી, વિચારી અને સૌનું હિત હૈયે રાખી વિચાર, વાણી અને વર્તન દાખવે તો.



Scanned by CamScanner

**આ સંસારમાં ચંચળ શું છે ?**

માનવીનું મન. યૌવન. લક્ષ્મી. આત્મતત્ત્વ સિવાય બધું.

**આસ્તિક કોને કહેવાય ?** અસ્તિત્વનો સ્વીકાર કરે તેને.

**મોક્ષ કોને મળે ?**

મોહનો ક્ષય કરે તેને. મોહના સૈન્યમાં કામ, ક્રોધ, લોભ અને મદનો સમાવેશ થાય છે.

**સત્યનો વાસ ક્યાં ?** અનુભવમાં.

**ભય ક્યારે પલાયન થાય ?** અંદરનો હરિ જાગે ત્યારે.

**સ્થિતપ્રજ્ઞ કોને કહેવો ?**

જે કષાય તરફ ઝૂકે નહીં, ન તે રાગ તરફ ઢળે, ન વૈરાગ્ય તરફ. જે દ્વન્દ્વ–માત્રથી મુક્ત હોય, માત્ર રૂપમાં જ સ્થિર હોય, તત્ત્વ સાથે જ જેનું અનુસંધાન હોય.

**શાણો કોણ ?** અન્યને જાણે–અજાણે ઓળખે તે.

**પ્રબુદ્ધ કોણ ?** જે પોતાને જાણે – ઓળખે તે.

**ધ્યાની શા માટે આંખ બંધ રાખે છે ?** સંસાર ન દેખાય એટલા માટે.

**ભક્ત કેમ આંખ બંધ રાખે છે ?** ભગવાનને સતત જોવા માટે.

**પરાત્પર તત્ત્વને કોણ પામી શકે ?** શ્રુતિ કહે છે – કશ્ચિત્ ધીરઃ કોઈ ધૈર્યવાન પુરુષ જ.

**વિકસાવવા જેવો પ્રથમ ગુણ કયો ?** **સાહસ.**

**ખરી પ્રાર્થના કઈ ?**

આપણે મૌન રહીએ અને ભગવાન બોલે તે સાંભળીએ.

પ્રાર્થના એ પરમાત્માને સાંભળવાની વિધિ છે.

**કઈ પ્રવૃત્તિઓ હાનિકારક ?** જે પ્રવૃત્તિના મૂળમાં લોભ, દ્વેષ અને મોહ છે તે.

**કઈ પ્રવૃત્તિઓ શુભ ?** જેના મૂળમાં પરોપકાર, પ્રેમ અને જ્ઞાન રહેલાં છે, તે.

**સમજણ અંગ કયાં ?**

વિવેક, વિચાર, નિશ્ચય, પરિણામી દૃષ્ટિ, મૌન, યુક્તિ અને તટસ્થતા, – આ આઠે ય અંગોનો ઉપયોગ કરતાં આવડે તેને સમજણ કહેવાય.

□


'ગુરુકૃપા હિ કેવલમ્'

મીના ટ્રેડર્સ

"ભગવતી"


✽

ઉદવાડા–Rs ૩૯૬૧૮૫




Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં



: ૧ :

શોભનાબેન અને તેમના પતિ ચંદ્રકાંતભાઈ સાન્તાક્લેરા, કેલિફોર્નિયામાં પૂજ્ય ગુરુદેવની મુલાકાતે આવ્યા હતા. અતિ ભાવવિભોર થઈને પોતાનો અનુભવ વર્ણવતા કહેવા લાગ્યા. "છેલ્લા ૬ મહિનાથી મને કમરમાં સખત દુઃખાવો હતો. ડૉક્ટરોએ મણકો ખસી ગયો છે તેમ જણાવ્યું હતું. દવાઓ ઘણી કરી પણ ફેર પડતો નહતો. મારા પિતાજી આપને ઇન્ડિયામાં મળ્યા હતા અને મારી બિમારી વિષે વાત જણાવી હતી. વળી આર્થિક મુશ્કેલીને કારણે અહીં જોબ કરવો પડતો હતો.

આપે આપેલ સૂચન મારાં ભાભીએ મને લખી જણાવ્યું :

ત્રણ માળા ગાયત્રી મંત્રની દરરોજ સવારમાં ગણવી. અગિયાર કાચા ચણા રાત્રે સાદા ગરમ પાણીમાં પલાળી સવારે ખાઈ જવા. ૧ ચમચી અશ્વગંધા ચૂર્ણ મધ સાથે સવારમાં લેવું.

ગુરુદેવ, આપના સૂચન પ્રમાણે શરૂ કર્યા પછી બીજા દિવસથી જ મને આરામ જણાવા લાગ્યો. ૩ મહિનામાં તો ઘણો જ ફેર પડી ગયો. હવે મને બીલકુલ સારું થઈ ગયું છે. દવા બિલકુલ બંધ કરી દીધી છે.

ગાયત્રી મંત્રજાપની ત્રણ માળા કરવાથી મને ઘણી જ માનસિક શાંતિ રહે છે. ગયા નવરાત્રિમાં મેં લઘુ-અનુષ્ઠાન કર્યું હતું. આનંદ અને શાંતિનો અનુભવ વર્તાતો હતો. અનુષ્ઠાનને ૪થે દિવસે હું માળા કરવા બેસવાની તૈયારી કરતી હતી. દીવો વિગેરે તૈયાર કરવા જાઉં છું ત્યાં તો માતાજીએ મારા માટે ઘીનો દીવો તૈયાર કરી રાખ્યો હતો. મારા આશ્ચર્ય અને આનંદનો કોઈ પાર રહ્યો નહિ."

શોભનાબેનના પતિ કહે, "હું આપને ઇન્ડિયામાં 'નિલોયા' પર ૩ વર્ષ પહેલાં મળ્યો હતો. આપના આશીર્વાદથી ધંધામાં ઘણી જ રાહત છે અને આર્થિક પરિસ્થિતિ સાઉન્ડ થતી જાય છે."

શોભનાબેન કહે, "હવે માતાજીની દયા અને આપના આશીર્વાદથી મારે નોકરી કરવા જવું પડતું નથી. એટલે ઘરમાં શાંતિથી માળા કરવાનો સમય મળે છે. એક દિવસ મેં ખુલ્લી આંખે મારા રૂમમાં દિવાલ પર માતાજીના અને આપના પ્રત્યક્ષ દર્શન કર્યાં હતાં. હું ભાવવિભોર થઈ ભાન ભૂલી ગઈ અને માને કે આપને પગે લાગવાનું પણ ભૂલી ગઈ."

* * *

: ૨ :

જર્સી/સીટીમાં રહેતા પ્રવિણભાઈ ડૉકટર ૧૯૮૨માં અમેરિકામાં ગારફીલ્ડ મંદિરમાં ગુરુદેવને મળ્યા હતા. તેમને તેમના કુટુંબમાં બાબાનું અવતરણ થાય તેવી ઇચ્છા હતી. ગુરુદેવે તેમનાં પત્ની દક્ષાબેન માટે જીવનજળ આપ્યું અને ૬૧ ચણા ખાવાનું સૂચન કર્યું હતું. એક-બે મહિનામાં જ દક્ષાબેનને ગર્ભધારણનાં એંધાણ વરતાયાં અને પૂરા દિવસે તેજસ્વી અને તંદુરસ્ત બાળકનો જન્મ થયો. ૧૯૮૪ના એપ્રિલ-મે મહિનાની પૂ. ગુરુદેવની મુલાકાત વખતે બંને પતિ-પત્ની અતિ ભાવવિભોર બની બાળક રવિને લઈને ગુરુદેવના આશીર્વાદ લેવા આવ્યાં હતાં.

* * *

: ૩ :

અમિલભાઈ દેસાઈ (કેલીફોર્નિયા) તેમના અનુભવો વર્ણવતા અતિ ભાવવિભોર થઈ ગયા હતા. "થોડા વખત પહેલાં હું ફરવા જતો હતો. મારી ગાડી સ્લીપ થઈ ગઈ અને એક બાજુ ઢળી પડી. તેમ જ એંજીનની દિશા બદલાઈ ગઈ. હું ગાડીમાં એકલો હોઉં ત્યારે ગાયત્રી મંત્રજાપ ચાલુ જ હોય. ભયંકર અને જાનહાનિનો શકયતા-વાળો આ અકસ્માત નજરે જોનારને લાગતો હતો પરંતુ મને એક ઉઝરડો સરખો પડયો નહતો કે ન તો મારી ગાડીને કોઈ નુકસાન થયું હતું. મને હાર્ટનું ઑપરેશન કરાવેલ છે પરંતુ હાર્ટને પણ કંઈ આંચકો આવ્યો ન હતો. ગાયત્રી મંત્રજાપનો આ પ્રભાવ છે.

બીજો એક અનુભવ છે. હું મારા મિત્રને ઘરે વીક એન્ડમાં રહેવા માટે ગાડી લઈને જતો હતો. કેલીફોર્નિયામાં સામાન્ય રીતે સ્નો પડતો નથી. પરંતુ રસ્તે જતાં માઉન્ટેન્સના ઢોળાવ પર થોડો સ્નો પડયો હતો, એટલે મારી ગાડી આગળ સરકી શકતી નહતી. ઘણો પ્રયત્ન કર્યો પણ ગાડી આગળ ચસકે જ નહિ. મનમાં એકાએક જ માનું સ્મરણ થઈ આવ્યું અને અનન્ય શ્રદ્ધાથી ગાયત્રી મંત્રજાપ ચાલુ કર્યો. ગાડી સડસડાટ કરતી સ્નોમાંથી પસાર થઈ ગઈ. ૮૦ માઈલ દૂર મારા મિત્રને ત્યાં રાતના ૧ વાગે પહોંચ્યો. રવિવારે પાછા આવવાનું હતું એટલે ગાડીને ચેક કરાવી પેટ્રોલ વગેરે પૂરાવવા લઈ



Scanned by CamScanner

ગયો. ગાડી ખોલીને જોયું તો મારો મિત્ર અચંબામાં પડી ગયો. એક રીંગ આખી વળી ગઈ હતી. તેણે મને પૂછ્યું તું ૮૦ માઈલ ગાડી ચલાવીને કેવી રીતે લઈ આવ્યો? મેં કહ્યું માતાજીની કૃપા.

બીજી રીંગ નખાવી ગાડી ૨૦૦ માઈલ ડ્રાઈવ કરીને ઘરે લઈ આવ્યો. ગાડી સર્વીસ સ્ટેશને ચેક કરાવી તો મીકેનીકને આશ્ચર્ય થયું. મને કહે, 'ગાડીની બીજી બે રીંગો પણ વળી ગઈ છે. તું ગાડી આટલા બધા માઈલ ચલાવીને કેવી રીતે લઈ આવ્યો? આવી પરિસ્થિતિમાં ગાડી ચાલી જ ન શકી.' એ અમેરિકન મીકેનીકને ક્યાં ખબર હતી કે ગાયત્રી મંત્રજાપનો કેવો પ્રખર પ્રભાવ છે! મા ગાયત્રી પોતાના બાળકની હરપળે સંભાળ લેતી જ રહે છે! મેં તેને મારા પાકીટમાં રાખેલો પૂજ્ય ગુરુદેવ અને માતાજીનો ફોટો બતાવી કહ્યું કે એમણે મારી ગાડી ચલાવી.

* * *

: ૪ :

## બહવો ગુરવો લોકે શિષ્યવિત્તાપહારકાઃ ।
## કચિતુ તત્ર દૃશ્યન્તે શિષ્યચિત્તાપહારકાઃ ।।

"સંસારમાં શિષ્યના વિત્ત–ધનનું હરણ કરનારા ગુરુઓ તો ઘણા હોય છે પરંતુ શિષ્યના દોષોનું હરણ કરનારા દોષોને દૂર કરનારા ગુરુ તો જવલ્લે જ મળે છે".

"પૂજ્ય ગુરુદેવ આપે મારા સઘળા દોષોનું હરણ કર્યું છે", તેમ બોલતાં ગદ્ગદિત થઈ હર્ષાશ્રુ વહાવતા એક ભાઈએ ગુરુદેવની સમક્ષ કૂટીરમાં આવી પૂજ્યશ્રીના ચરણસ્પર્શ કરી, બેઠા અને તેમનું કથન ચાલુ કર્યું.

"આજે ગીતાપઠન કરતાં ઉપરોક્ત શ્લોક વાંચતાં કૃષ્ણ ભગવાને જેવી રીતે અર્જુનનું શિષ્યત્વ સ્વીકાર્યું છે તેવી રીતે આપે મારું શિષ્યત્વ સ્વીકારી મને દૂષણોની બદબૂમાંથી બહાર ખેંચી લીધો છે." ૨૫–૩૦ વર્ષની ઉંમરના સભ્ય સમાજના દેખાતા આ ભાઈએ કહ્યું, "ગુરુદેવ, આપના માર્ગદર્શન અને આશીર્વાદથી મેં મારા જીવનનો રાહ–ક્રમ બદલી નાખ્યો છે. મેં ક્રોધ, ઈર્ષ્યા અને લોભવૃત્તિ છોડી દીધી છે. દરરોજ ગાયત્રી મંત્રની પાંચ માળા કરું છું. જ્યારે જ્યારે ક્રોધ આવે ત્યારે આપને મનોમન યાદ કરું છું અને માનસિક ગાયત્રીમંત્રજાપ ચાલુ કરી દઉં છું. આનાથી મને ઘણી જ માનસિક શાંતિનો અનુભવ થાય છે. મારા રહેલા ષડ્રિપુઓ દૂર થાય અને હું નિર્મળ ભક્તિમય પરોપકારી જીવન પસાર કરું તેવા આશીર્વાદ આપશો અને જન્મોજન્મ હું અને મારું કુટુંબ આપને ગુરુપદે સ્થાપી આપનું શિષ્યત્વ સ્વીકારીએ તેવા આશીર્વાદ આપશો.

"સવારે વર્તમાનપત્રનું પાનું ખોલીએ કે મૃત્યુના સમાચાર વાંચવા મળે. અકસ્માત, દુર્ઘટના, આપઘાત, રોગચાળો વિગેરે વિવિધ કારણોથી માણસો મરી જાય છે. આજે જ અમારા પડોશમાં ૨૫ વર્ષનો જુવાનજોધ દીકરો કમળાના રોગથી બે જ દિવસમાં મરણ પામ્યો. ગયા મહિને બસ નદીમાં પડી જતાં એક જ કુટુંબનાં પાંચ સભ્યો મૃત્યુને ભેટયાં. કુલ ૩૦ માણસો મરણને શરણ થયા.

"ગુરુદેવ, આવા બધા સમાચાર વાંચી અને ઘટનાઓને નજરે નિહાળીને જીવનમાંથી મારો રસ ઊડી ગયો છે. કંઈ જ કરવાનું મન નથી થતું. જો મૃત્યુ અનિવાર્ય જ હોય તો જીવન જીવીને પણ શું કરવાનું?"

ભરતભાઈ અતિ ખિન્ન હૃદયે આ બધું કહી રહ્યા હતા. કુટીરમાં બેઠેલા બીજા ભાઈએ કહ્યું, "ભાઈ, જીવન જીવવું તો પડે જ ને! થોડો કંઈ જીવનનો અકાળે અંત લાવી શકાય છે!" ભરતભાઈ



Scanned by CamScanner

છે. "ભાઈ, આ તો દસરડો કહેવાય." "ભાઈ, દસરડા કરીને પણ આયુષ્યના દિવસો ખેંચવાના જ હોય તો યોગ્ય રીતે જીવન જીવીને સાર્થકતાનો અનુભવ શા માટે ન કરવો?"

"ગુરુદેવ, પરમ મુક્તિ શી રીતે મળે?" ભરતભાઈએ નમ્રતાથી ગુરુદેવને પૂછ્યું.

જીવનની પળેપળને સાર્થક કરી રહેલા ગુરુદેવે કહ્યું, "આપણે હંમેશાં પરમતત્ત્વની-મા ગાયત્રીની હાજરીમાં હોઈએ એ રીતે જીવવું. જીવનના કર્મનો હિસાબ આપવા માટે હંમેશાં તૈયાર રહેવું "આ જ પરમ મુક્તિનો માર્ગ.

"મૃત્યુનો વિચાર કરી ભયભીત થવાને બદલે ભયહીન થવાનું છે. આપણાં તમામ કાર્યો કરતી વખતે આપણે મૃત્યુ પર સતત નજર રાખતા રહેવું જોઈએ.

તારા માથે નગારાં વાગે મોતનાં રે
તારા માથે કોપી રહ્યો કાળ રે, ઊંઘ તને કેમ આવે?

આપણે સંસારના વમળમાં એટલાં બધાં અટવાઈ ગયાં છીએ કે શાહમૃગની જેમ આખી જિંદગી વ્યર્થ-ક્ષણભંગુર સુખનાં ફાંફા મારીએ છીએ. અંતકાળ માટે વિચારવાનો અવકાશ જ નથી રહેતો.

સ્વજન કે નિકટના સ્નેહીનું મૃત્યુ થાય ત્યારે તત્કાળ માણસ મૃત્યુ વિષે વધારે ગંભીર બની જાય છે. પરંતુ સ્મશાન વૈરાગ્યની જેમ કાળની ગતિમાં ધીમે ધીમે દુ:ખ ઓછું થતું જાય તેમ મૃત્યુની વાત વિસરાતી જાય છે.

મોટા ભાગના માણસોને મરણનો વિચાર બિનજરૂરી લાગે છે. તેઓ માને છે કે જીવન જીવવા માટે છે, માણવા માટે છે. અત્યારથી મૃત્યુનો વિચાર કરી શા માટે દુ:ખી થવું? પડશે તેવા દેવાશે. આમ પોતાનું નીડરપણું સાબિત કરે છે. પરંતુ ખરું કારણ એને મૃત્યુનો ડર હોય છે. મૃત્યુનો વિચાર માત્ર તેને અકળાવી મૂકે છે અને એટલે જ મૃત્યુના વિચાર માત્રથી તેઓ દૂર ભાગે છે.

મૃત્યુ અનિવાર્ય છે. જીવન સાથે મૃત્યુ જોડાયેલું જ છે. મૃત્યુ વગર જીવન અધૂરું છે. જીવન અને મૃત્યુ સિક્કાની બે બાજુ જેવું છે. જીવન ના હોય તો મૃત્યુ ના હોય. એટલે બંને અભિન્ન વસ્તુ છે. એટલે મૃત્યુથી દૂર ભાગવાની કે એનાથી ગભરાવાની જરૂર નથી.

મૃત્યુ એટલે જિંદગીનું છીનવાઈ જવું; એવું આપણે માનીએ છીએ. હર્યા-ભર્યા ઘરમાં પતિ, પત્ની કે ઉંમરે આવેલા દીકરાનું અકાળે મૃત્યુ થાય ત્યારે આપણને પરમાત્મા પર નફરત આવે છે. એમ પણ કહીએ છીએ કે "ભગવાને મારી આવી ક્રૂર મશ્કરી કરી! આ જિંદગીમાં મેં કોઈનું ક્યાંય બગાડ્યું નથી. કંઈ પાપ કર્યાં નથી. આટલાં બધાં જપ-તપ, અનુષ્ઠાન કર્યાં છતાં પણ ભગવાને મારી સામે ન જોયું! મારાં સગાંસંબંધી અને મિત્રવર્તુળમાં પણ મારી હાંસી ઉડાવાય છે. ભગવાનની બહુ ભક્તિ કરે છે એટલે જ આમ થયું. વગેરે, વગેરે."

જીવન-મરણનું લાયસન્સ આપવાનું કામ ભગવાનનું નથી. એ તો આપણાં કર્મ સાથે સંકળાયેલું છે. ભગવાનની ભક્તિ, જપ-તપ, અનુષ્ઠાન, નીતિમત્તાનું જીવનધોરણ, પાપરહિત જિંદગી વગેરે સુકર્મના ખાતે નોંધાય છે. પાપાચારી-ભ્રષ્ટાચારી કર્મો વગેરે કુકર્મના ખાતે નોંધાય છે અને કર્મના સિદ્ધાંત અનુસાર આપણને જન્મ, સગાંસહોદર, ધન, વૈભવ વિગેરે મળે છે. ઈશ્વરની કર્મની આ યોજનામાં જન્મની જેમ મૃત્યુનું પણ નિશ્ચિત સ્થાન છે. મરણનો હાઉ લાગવાને બદલે એની સભાનતાથી તો જીવનમાં નવો ઉલ્લાસ જાગવો જોઈએ.



Scanned by CamScanner

પર્શિયાના મહાન સમ્રાટ સાયરસે જીવન દરમિયાન જ પોતાનો મરણલેખ તૈયાર કરાવેલો. જે તેની કબર પાસે રાખવામાં આવેલો છે. આ મરણ લેખમાં તેણે લખ્યું છે, "હે માનવબંધુ ! તું ગમે તે હો, ગમે ત્યાંથી આવ્યો હો, મને ખાતરી છે કે આજે હું અહીં જે સ્થિતિમાં છું એ સ્થિતિ એક દિવસ તારી પણ થવાની છે. પર્શન સામ્રાજ્યનો હું સર્જક ! ભાઈ, મારી ઇર્ષા તું ના કરીશ. જો આટલી અમથી જમીનમાં જ મારું શરીર સમાયું છે. જગતના મોટામાં મોટા સામ્રાજ્યનો સર્જક હોવા છતાં પણ મેં ઘણી ઓછી જમીન રોકી છે અને તે પણ થોડા સમય માટે જ.

જીવનની પળેપળને સાર્થક બનાવી મૃત્યુની હરપળે તૈયારી રાખવી તેમાં જ મનુષ્યજીવનની સાર્થકતા છે.

: ૫ :

"કેમ મહેશભાઈ, આજે ઉદાસ દેખાઓ છો ?" બહેનજીએ કુટિરમાં નિયમિત આવતા મહેશભાઈને પૂછ્યું. સદાય આનંદ મસ્તીમાં રહેતા મહેશભાઈ છેલ્લા ૮-૧૦ દિવસથી ખોવાયેલા લાગતા હતા. ચહેરા પર ઉદાસી વરતાઈ આવતી હતી.

આંખની પાંપણે ઝાંખ વળીને તેમાં ઝળહળિયાંને સંતાડતા મહેશભાઈએ કહ્યું, "મને કંઈ જ થયું નથી. પરંતુ છેલ્લા કેટલાય દિવસથી મને કંઈ ગમતું જ નથી. બધું ખાલી ખાલી લાગે છે. તદ્દન ખાલી થઈ ગયાની લાગણી મારા અંતરને સતત કોરતી રહે છે. જીવનમાંથી બધું સાવ હણાઈ ગયું છે અને શૂન્યાવકાશ વ્યાપી ગયો છે."

મહેશભાઈ સુખી ઘરનું સંતાન છે. ઘરમાં સુશીલ પત્ની છે. બે મઝાનાં બાળકો છે. માતા-પિતા અતિ સંસ્કારી અને ધાર્મિક વૃત્તિનાં છે. નોકરી પણ સારી છે. ઘર કે નોકરીની કોઈ જ ચિંતા નથી. છતાં પણ ખાલીપણાની-શૂન્યાવકાશની લાગણી તેમને સતત સતાવતી રહે છે. જેને કારણે તેઓ શાંતિથી જમી કે ઊંઘી પણ શકતા નથી.

ગુરુદેવે કહ્યું, "ઘણી વખત આપણને અકારણ અંદરથી પ્રસન્નતાની લાગણી થાય છે, મન ભર્યું ભર્યું લાગે છે. જીવનના નાના મોટા પ્રશ્નો કંટકો થઈને પથરાયેલા હોવા છતાં આપણને હરિયાળીનો અનુભવ થાય છે.

માણસને ખાલીપણું ત્યારે જ લાગે જ્યારે તેણે અંદરની-ભીતરની સજાવટ બંધ કરી દીધી હોય ! માણસ જ્યારે સુખદુઃખના ફક્ત નિષ્ક્રિય અનુભવમાંથી પસાર થાય છે ત્યારે તેની ભીતરમાં કંઈ જ અનુભવાતું નથી. આનંદની ધ્રુજારી કે વેદનાનો ચિત્કાર તેના ભીતરને સ્પર્શતો નથી.

પરંતુ માણસ જ્યારે Receptive-સંવેદનશીલ બને, સુખદુઃખનાં આંદોલનોને બરાબર કરી લે, હિંમતથી તેને અનુરૂપ જીવન જીવે - જીવનનો રાહ અપનાવે, તો ખાલીપણાનો અનુભવ નહિ થાય.

દરેક માણસ પાસે ત્રણ પ્રકારની સંપત્તિ હોય છે, જે માણસનું જીવન-મન ભર્યું ભર્યું બનાવે છે.

**સ્મૃતિઓની સંપત્તિ :** વીતી ગયેલાં વર્ષોમાં માણેલા આનંદ અને અનુભવોની ગાથા.

**આશાઓની સંપત્તિ :** કુટુંબ, સગાંસ્નેહી માટે બાંધેલા આશાના મિનારા.

**માનસિક સંપત્તિ :** વાચન, મનન, ચિંતન. વાચનથી માણસને જીવન જોવાની, માણવાની, શક્તિ ખીલે છે.

જેણે ધન ગુમાવ્યું છે તેણે થોડું ગુમાવ્યું છે, પરંતુ જેણે હિંમત ગુમાવી છે, તેણે બધું જ ગુમાવ્યું છે. માણસ ગરીબ હોય અને તેની પાસે કંઈ જ ન હોય તો તે એટલું મોટું દુર્ભાગ્ય નથી, પરંતુ થોડુંક પણ ધન હોવા છતાં માનવી જે માલદાર છે તે ખરેખર જીવનમાં ફાવે છે. તે કયારેય જીવનમાં હિંમત-શ્રદ્ધા ગુમાવતો નથી. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ નિરાશા કે શંકાને તાબે ના થવું. હિંમત અને શ્રદ્ધા જ વિકટના ડુંગરાઓમાંથી પગદંડી શોધી આપે છે.



Scanned by CamScanner

મોટે ભાગે માણસને આકાશ, ધરતી કે હવામાનની ખફગી કરતાં તેની પોતાની શંકા, અશ્રદ્ધા વધુ નિષ્ફળ બનાવે છે. ગમે તેવા તોફાનના ઘેરાવામાંથી માણસ છટકી શકે છે, પરંતુ પોતાના ભીતરના સંશયમાંથી છટકી શકતો નથી. સંશય એ તમારા મનરૂપી વહાણનું કાણું છે. મન ડૂબે છે ત્યારે બાકીનું બધું જ નિર્જીવ બોજની જેમ તળિયે બેસી જાય છે.

તો પ્રશ્ન થાય છે કે શંકા-ભીતિમાંથી નીકળવાનું કઈ રીતે ?

આના માટે અંતર્મુખ થવાનું રાખો. થોડી ક્ષણો માટે ચિંતન કરો. ગાયત્રી મંત્રજપ-ઇષ્ટનું સ્મરણ કરો. ગમે તેવી પરિસ્થિતિમાંથી પણ માર્ગ મોકળો-સરળ બની રહેશે.

આપણામાં જે ખાલીપણાની લાગણી જન્મે છે; જે અશ્રદ્ધા નિરાશા આપણને પીડે છે, તે આપણી પોતાની નકારાત્મક પ્રક્રિયાનું પરિણામ છે. આપણા મનની અંદર રહેલા શ્રદ્ધા, આશા અને હિંમતના સ્રોતને આપણે સતત સજીવ રાખીએ તો આપણાંમાં ક્યારેય નિરાશા પ્રવેશી શકશે નહિ. અને ખાલીપણાનો અનુભવ થશે નહિ.

નેપોલિયને કહ્યું છે કે, "મારી જાતને મારા સિવાય બીજા કોઈએ કશું નુકસાન નથી કર્યું." આપણે આપણી જાતના પરમ હિતેચ્છુ માનીએ છીએ અને શત્રુની શોધ બહાર ચલાવીએ છીએ. પરંતુ માણસ પોતે જ પોતાનો શત્રુ બનતો હોય છે. હતાશાની-શંકાની નકારાત્મક લાગણીઓનો શિકાર બનીને માણસ પોતાની અંદરની હરિયાળીને સૂકવી નાખે છે. અને પછી ખાલીપણાનો અનુભવ કરે છે.

શ્રદ્ધા અને હિંમતના હલેસાંથી માણસ રચનાત્મક દૃષ્ટિ કેળવે તો ગમે તેવી વિષમ કપરી પરિસ્થિતિમાં પણ પોતાના જીવનને ભર્યું ભર્યું બનાવી શકે છે."

*

: ૬ :

ઇષ્ટનું સ્મરણ, મંત્રજપ માનવીને ઇષ્ટ પ્રતિ લઈ જાય છે. તે ઇચ્છે છે તે મુજબ કરવા શક્તિમાન બને છે. વ્યક્તિની યત્કિંચિત્ ઇચ્છા ફળીભૂત થતાં તે સ્વાભાવિક રીતે જ આનંદિત થઈ ઊઠે છે અને ઇષ્ટની ઇષ્ટતામાં એને વિશ્વાસ જાગે છે. અને જીવનમાં નવું પરિણામ ને પરિમાણ સિદ્ધ થતાં અનુભવે છે, જે તેના જીવનને વિશેષ પ્રેરક ને ગતિ અર્પનાર બની રહે છે, જે પ્રસ્તુત પ્રસંગ પરથી સમજાય છે.

એકવાર પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં ભાઈ-બહેનો પોતાના સ્વાનુભવો વર્ણવી રહ્યાં હતાં, ત્યારે બોરીવલીનાં ઇન્દુબહેને સ્વાનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે,

"તા. ૨૭-૬-૮૨ ના રોજ સવારે ૯-૩૦ વાગ્યે હું ટેબલ પરથી પડી ગઈ હતી. મને હોસ્પીટલમાં લઈ ગયા બાદ ડૉક્ટરે એક્સ-રે કઢાવી મારું ઓપરેશન કરવાનું કહ્યું હતું. હું ગભરાઈ ગઈ, પણ હું જાણતી હતી કે માની કૃપા ને ગુરુદેવના આશીર્વાદ કદી નિષ્ફળ જતા નથી. રાત-દિવસ મંત્રજપ ચાલુ રાખ્યા. ઓપરેશનનો દિવસ નક્કી કરી મને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવી. ત્યાં પણ મેં મા તથા ગુરુદેવને વિનવણી કરી. નવાઈની વાત તો એ કે ડૉક્ટરે ઓપરેશનની ના પાડી! મને પગે વજન બાંધી એક મહિનો હોસ્પીટલમાં રાખી ને મને પગે સારું થઈ ગયું! હોસ્પીટલમાં પણ મંત્રજપ ને ગુરુદેવનું રટણ અવિરત ચાલુ જ હતાં! ઘેર આવ્યા બાદ પાછો દુઃખાવો શરૂ થયો. ડૉક્ટરનું કહેવું હતું કે કદાચ ઓપરેશન કરવું પડશે. હું તો માની કૃપા યાચી રહી હતી. આશ્ચર્યની વાત કે મને તરત રાહત થઈ ગઈ! પછી ફરી પાછો દુખાવો થતાં ગુરુદેવનું અભિમંત્રિત જળ લીધું ને બીજે જ દિવસે મારો પગનો દુઃખાવો બંધ થઈ ગયો. મારો પગ પહેલાં હતો તેવો થઈ ગયો."

□

Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી : પુરશ્ચરણના ભીતરમાં

નવમા પ્રકરણમાં ધ્યાનમાં ઝઘડિયાના 'ગાયત્રી–તીર્થ 'નો શિલાન્યાસ વિધિ પૂર્ણપણે નિહાળ્યો. વિધિ સમયે ઊંડા-પહોળા ખોદેલા ખાડામાં પૂ. શાસ્ત્રીજી ચારે તરફ ફરતા હતા, તે દૃશ્ય આખું નજર સામે સુપેરે ઊપસી આવ્યું. શાસ્ત્રીજીના સ્થાને ખુદ મા ગાયત્રીને ઘુમતાં નિહાળ્યાં. પત્ની અનસૂયાને મંત્રધ્યાનમાં આદેશ મળ્યો કે, હવે તમે જ્યારે નરેન્દ્રની મુલાકાતે જાવ ત્યારે તેને માટે ફૂલહાર લઈને જજો! માતાજી તરફથી આ આદેશ ઉપાસનાકાળ દરમિયાન પ્રથમ હતો.

* * *

## ૧૦ : સ્વપ્નદર્શન

ચોવીસ લક્ષમાંથી ઓગણીસમા લાખના મંત્ર-જપ ચાલી રહ્યા હતા. સ્વપ્નવિહારનો પુનઃ પ્રારંભ થયો. તા. ૭–૧૦–૭૭ના રોજ હું મીઠી નિદ્રામાં હતો. સ્વપ્નનો પ્રારંભ થયો.

હું મારી માતા અને કુટુંબ સાથે કોઈક ખંડિયેર જેવા મકાન તરફ પ્રભુદર્શન માટે જઈ રહ્યો હતો. અમે બધાં ખૂબ ખુશખુશાલ હતાં. એક અતિપુરાણા મન્દિરમાં અમે પ્રવેશ્યા. આ મન્દિરની ચોતરફ પથ્થરની દીવાલો હતી, જેમાં થોડા થોડા અન્તરે બારી–બારણાંના આકારનાં પોલાણ હતાં. વચ્ચે મોટું મેદાન હતું. તેની ધરતી ચિકાશવાળી હતી. માટી રંગીન અને ચમકવાળી હતી. એ આખીયે જગા ખૂબ શાંત અને રમણીય લાગતી હતી. આ મેદાન પસાર કરતાં કરતાં અમે સૌ આગળ વધતાં હતાં. એ સમયે મારી જમણી તરફની દીવાલમાં લંબચોરસ બારણાના ઊંડાણમાંથી એક સફેદ વસ્ત્રધારી સ્ત્રી બહાર આવતી મેં જોઈ! તેને જોઈને મને ખૂબ આશ્ચર્ય થયું. હું તેને એકીટશે જોવા લાગ્યો. તેના તરફ જવાનો મેં પ્રયત્ન કર્યો. પણ મારાં માતુશ્રીએ મને એ તરફ જવા ના કહી. અને કહ્યું : 'ચાલ, ચાલ, આગળ ચાલ. દર્શન માટે આ તરફ જવાનું છે. પણ હું તો તેમના તરફ જ જવા લાગ્યો. પેલી સફેદ વસ્ત્રધારી સ્ત્રી ત્વરાથી મારી સમીપ આવી રહી હતી. તેના હાથમાં મોટું ત્રિશૂળ હતું. બીજા હાથમાં કોઈક અન્ય વસ્તુ હતી પણ એનો ખ્યાલ નથી. એની મુખમુદ્રા અત્યંત દેદીપ્યમાન લાગતી હતી. વળતી પળે મને તરત જ ખ્યાલ આવ્યો. મા ગાયત્રી દેવી જ આવી રહ્યાં છે! હું પૂરવેગે એમની તરફ જવા લાગ્યો. તેઓ મારા કરતાં દ્વિગુણિત વેગે મારી તરફ આવતાં હતાં. તેઓ જેવાં મારી સમીપ આવ્યાં તેવાં જ મેં એમનાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. એ સમય દરમ્યાન માએ મારા માથા ફરતે કંઈક ચીજ વડે વર્તુળ દોર્યું અને કશુંક બોલ્યાં. શું બોલ્યાં તે ન સમજાયું.

સ્વપ્નદર્શન પૂર્ણ થયું. તે સાથે જ મારી આંખ ઊઘડી ગઈ. પ્રાતઃકાળનો સમય થઈ ચૂક્યો હતો. શૌચ-સ્નાનાદિથી પરવારી હું મંત્રજપમાં બેસી ગયો.

આજદિન-પર્યન્ત અનેક દશ્યો જોયાં, અનેક અનુભૂતિ કરી, અનેક પ્રકારનાં દર્શન કર્યાં, પણ મા ગાયત્રીના આ રીતે સ્વપ્નદર્શનનો આ પ્રથમ જ પ્રસંગ હતો. મારા પુરશ્ચરણને વેગવાન બનાવવા માએ દર્શન દીધાં હતાં. મારી એ ધન્ય ઘડી ને ધન્ય અવસર હતાં!



Scanned by CamScanner

આમ મા ગાયત્રીની પ્રેરણા-કૃપા તેમ જ પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીની અમીધારાએ મંત્રજાપ પૂરવેગે ચાલતા હવા. વીસ લક્ષ મંત્રજાપ પૂર્ણ કરીને એકવીસમા લક્ષની સંખ્યાના મંત્રજપ ચાલતા હતા.

તા. ૧૩-૧૦-૭૭ થી તા. ૨૦-૧૦-૭૭ દરમ્યાન નવરાત્ર હોવાથી અમે ઘરબહાર નીકળ્યા વિના સતત મંત્રજપ કર્યે જતા હતા. દૃઢ નિશ્ચયપૂર્વક મંત્ર કરી રહ્યા હતા. ઉપરાંત સાંજે ચાર વાગ્યા પછી અમે આવડત અનુસાર સંક્ષિપ્ત હવનવિધિ પણ કરતા હતા.

તા. ૧૨-૧૦-૭૭ થી બંધ થયેલાં દશ્યો તા. ૧૪-૧૦-૭૭ના બપોર સુધી બંધ જ રહ્યાં. તા. ૧૪મીએ બપોર પછી ઋષિમુનિઓ ગુફામાં બેઠેલા દેખાયા. એક આશ્રમ પાસે મોટો સાપ જોયો. આ સાપને પણ મેં જાગ્રત અવસ્થા સમયે બહાર કાઢયો હતો. બાદ હનુમાનજી અને ઇષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામી ખુશમિજાજમાં નિહાળવામાં આવ્યા ત્યાર બાદ પૂ. શાસ્ત્રીજીનાં દર્શન થયાં એમનો ચહેરો અત્યંત આનંદિત હતો. પહેલાં માત્ર એમનો ચહેરો જ દેખાયો. પછી એમની આખી આકૃતિ દેખાઈ અને સંતોષની લાગણી પ્રગટ કરતાં હોય એમ લાગ્યું.

□


શુભેચ્છા સહિત :

Res. : ૩૬૫૦૫
Fact. : ૩૭૦૦૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

# ડોકટર જયંત ફેબ્રીકસ

એમ્બ્રોઈડરી જ્યોર્જેટ બનાવનાર

: ફેકટરી
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધનારોડ

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧




Scanned by CamScanner

# માતાજીની પ્રેરણાથી પરદેશગમન !

જેમણે શ્રદ્ધાપૂર્વક પરમાત્માની શરણાગતિ સ્વીકારી છે તેમને જીવનના પ્રત્યેક સોપાન પર પ્રેરણા પ્રાપ્ત થતી જ રહે છે. જીવનના બધા જ પ્રશ્નોનો ક્રમશઃ ઉકેલ આવતો રહે છે. એનો અનુભવ કરી જોવા જેવો છે. પરમાત્માની કૃપાથી જે કોઈ મનુષ્ય કાંઈક પ્રગતિ કરવા ઇચ્છે છે, કશુંક પામવા ઇચ્છે છે, તેમને માટે પ્રગતિનાં દ્વાર ખૂલતાં જ જાય છે. જીવનનું સત્ત્વશીલ ઘડતર કરવા ઇચ્છનાર સાધકને પરમાત્મા તરફથી પ્રેરણા મળતી રહે છે ને એની ગૂંચો ઉકેલાતી રહે છે.

આજના જમાનામાં પરદેશગમનની નવાઈ નથી. પરદેશગમનના અનેકવિધ ઉદ્દેશો હોય છે તેમાંનો એક છે વધુ અભ્યાસ માટેનો. અસંખ્ય ભાઈબહેનો વધુ અભ્યાસ માટે કોઈ ને કોઈ પ્રકારની ડીગ્રી મેળવવા પરદેશ જાય છે, પરન્તુ પરદેશગમનની પૂર્વતૈયારી ખૂબ જ મુશ્કેલ છે. વીઝા, પાસપોર્ટ વગેરે મેળવવાનું કાર્ય ખૂબ કપરું ને અટપટું છે. સામાન્ય રીતે તો વીઝા–પાસપોર્ટ મેળવતાં ઘણો લાંબો સમય વીતી જાય છે.

જેઓ પરમાત્માની પ્રેરણાની પાર્શ્વભૂમાં આવો વિદ્યાભ્યાસ આદરે છે તેઓને માટે આવી મુશ્કેલ કામગીરીઓ સરળ બની જાય છે. એ મુશ્કેલીઓનો અંત આવે છે. તેમાં ય જેમણે ગાયત્રી–મંત્રની પાર્શ્વભૂમાં વિદ્યાભ્યાસનો ઉપક્રમ સ્વીકાર્યો છે, તેમને તો એની પ્રેરણાનો પ્રકાશ પ્રાપ્ત થતો જ રહે છે. એ જ પ્રેરણાના પ્રકાશ વડે માનવીની વિદ્યાકીય કારકીર્દિ અત્યંત ઉજ્જવળ બને છે. કારણ કે ગાયત્રીમંત્ર એ બુદ્ધિનો મંત્ર છે. સદ્બુદ્ધિ આપવા માટે ભગવાન શ્રી સવિતા નારાયણને કરવામાં આવતી પ્રાર્થના તે ગાયત્રી મંત્ર. એટલે સૂર્યના પ્રખર તેજ જેમની બુદ્ધિમાં ઉતર્યા છે, અથવા એનો જેને સંસ્પર્શ થયો છે, તેનો વિદ્યાભ્યાસ અનેક સફળતાઓને વરે છે.

માતાજીની પ્રેરણાથી પરદેશ જવાની તક મળી એનો એક પ્રસંગ અત્રે પ્રસ્તુત કર્યો છે.

મુંબઈના શ્રી નરેન્દ્ર શાહ લખી જણાવે છે :

"હું ને મારો નાનો ભાઈ ભરત વધુ અભ્યાસ (Further study) માટે અમેરિકા જવા ગાયત્રી માતાના આશીર્વાદ લેવા શાસ્ત્રીજી પાસે ગયા ત્યારે તેમણે ભરતને ગાયત્રીમાતાની ત્રણ માળા કરવાનું કહેલ અને આશીર્વાદ આપેલ કે 'માતાજી પર શ્રદ્ધા રાખો, બધું સારું થશે.' આ પછી ભરતને ૨૪મી જુલાઇએ અમેરિકા યુનિવર્સિટીમાંથી પત્ર આવ્યો કે તમને assistantship આપવામાં આવે છે. અને તમે ૨૩ થી ૨૭ ઑગસ્ટ સુધીમાં આવી જાવ. ભરત પહેલી વાર તા. ૧૧–૮–૮૦ ના રોજ ઇન્ટરવ્યુ આપવા માટે ગયો ત્યારે અમેરિકન કોન્સાલેટ જોઈતા હતા તે પોતે ન લઈ ગયા. અમેરિકન કોન્સાલેટવાળાએ ભરતના કાગળ પર લખી આપ્યું કે તમને વીઝા નહિ મળે. આમ ભરત તેમ જ ઘરનાં બધાં નિરાશ થઈ ગયાં. ઘરનાં બધાને થયું કે, ભરતનો કેસ બગડી ગયો છે અને હવે ભરતને અમેરિકા જવા નહીં મળે. અમને બધાને જ ગાયત્રી માતા ઉપર ખૂબ જ શ્રદ્ધા ને આસ્થા છે. અમે દરરોજ ગાયત્રી માતાની પૂજા કરીએ છીએ. તા. ૨૨–૮–૮૦ ના રોજ ભરતે સવારે ઊઠીને માતાજીને ફરી પ્રાર્થના કરી કે મને વીઝા મળી જાય. તે બીજી વાર ઇન્ટરવ્યૂ માટે ગયો. અમેરિકન કોન્સાલેટવાળાએ ભરતને ઇન્ટરવ્યૂ વગર વીસા આપી દીધા. ભરતને અમેરિકા જવાની જરાયે આશા હતી જ નહીં, પણ ગાયત્રી માતા અને પૂ. ગુરુદેવના આશીર્વાદથી ભરત શાંતિથી અમેરિકા પહોંચી ગયો, અને નિયમિત માળા કરે છે."

માતાજીની પ્રેરણાનો પ્રકાશ અથવા પોતાના કોઈપણ ઇષ્ટ આરાધ્ય તત્ત્વની પ્રેરણાનો પ્રકાશ, એની કૃપાનું અમીવર્ષણ મનુષ્યજીવનની અસંભવિતતા તેમ જ અશકયતાઓને સંભવિતતા તેમ જ શકયતાઓમાં રૂપાંતરિત કરવા મહાશક્તિશાળી છે. તેથી જ તો આપણા અનેક ઋષિમુનિઓએ, તપસ્વીઓએ ગાયત્રી મંત્રની, શ્રદ્ધા અને શરણાગતિની, પ્રાર્થનાની નિરંતરતા પર ભાર મૂકયો છે ને પરમ ચેતનાની પ્રેરણાના પ્રકાશના સહભાગી બનાવે છે તે આવા પરથી સમજાય છે. □

Scanned by CamScanner

# શૈશવથી જ પરમતત્ત્વની ઉપાસનાના અંકુર

પોતાના ઇષ્ટદેવ અને ગુરુના ફોટા સાથે રાખવાની ટેવ ઘણાંને હોય છે, કે જેથી પરમતત્ત્વની શક્તિની છત્રછાયા–સાન્નિધ્ય રહે, કોઈ પણ પ્રકારનો ભય ન રહે, સંકટ ન આવે, આવે તો તેમાંથી ઊગરી જવાય, અને સલામતી રહે. બહાર નોકરી–ધંધે ફરનાર, પ્રવાસ કરનાર કે અન્યત્ર કોઈ પણ કામે જતા માનવીઓ, કે જેમણે પરમતત્ત્વની શરણાગતિ સ્વીકારી છે અને શ્રદ્ધાપૂર્વક તેની આરાધના આદરી છે અને જેઓએ જેમને પોતાના ગુરુ બનાવ્યા છે, પોતાના જીવનપથના પ્રદર્શક અને માર્ગદર્શક મેળવી લીધા છે, જીવનનો રાહ ચીંધનારને જીવનમાં પ્રાપ્ત કરી લીધા છે, તેઓ સર્વે અજ્ઞાત ભયમાંથી–આપત્તિમાંથી ઊગરવા તેમ જ નિજના શ્રેયાર્થે પોતાની સમીપ ખિસ્સામાં કે પાકીટમાં પરમતત્ત્વના ફોટા રાખતા હોય છે. કારણ કે માનવીનું જીવન પળેપળે અસલામત ને અરક્ષિત બનતું જાય છે. તેમાંથી બચવાની આશાએ ઇષ્ટદેવ–દેવીના ફોટા સાથે રાખવાની ટેવ કેળવાતી જાય છે. અને એ અદૃષ્ટ–અગોચર તત્ત્વ સાચે જ સહાયક ને રક્ષક બની રહે છે, જેનો પુરાવો પ્રસ્તુત પ્રસંગમાંથી મળી આવે છે.

બીલીમોરાના વલ્લભસિંહ ડી. દરબાર લખી જણાવે છે :

“હું મારી શાળામાં ચોથું ધોરણ લઈને બેસું છું. ઓરડાની દીવાલ પર પંચમુખી ગાયત્રી માતાનો ફોટો અને બાજુમાં હાસ્ય વેરતા મુખારવિંદવાળો પૂ. શાસ્ત્રીજીનો ફોટો પશ્ચિમ દિશાની દીવાલ પર લટકાવેલો. ઓરડામાં પ્રવેશ કરતાં જ, મા અને પૂ. ગુરુદેવના ફોટાને વંદન કરી ખુરશી પર બેસી બાળકોને નવ વાર ગાયત્રી મંત્ર બોલાવી વિદ્યાભ્યાસનો આરંભ કરું. સાંજે ઓરડો બંધ કરતી વખતે ફરી પ્રણામ કરી ઓરડો છોડું.

તા. ૨૨–૭–૮૩ ના રોજ પ્રાર્થના સંમેલનમાંથી પરવારી ઓરડામાં પ્રવેશ કર્યો. મનોમન મા અને પૂ. શ્રીને પ્રણામ કર્યા. નિત્યક્રમ પ્રમાણે મંત્રજપ કરી મારા સહાધ્યાયી શિક્ષક સાથે વિદ્યાભ્યાસનો આરંભ કર્યો, ત્યાં મારા મિત્રની નજર દીવાલ પર ગઈ. ઓરડાના મધ્ય ભાગમાં જે કાંચી કરીને ત્રિકોણ આકારનું બનાવેલું સાધન હોય છે, જેને લીધે નીચે સ્થંભની જરૂરિયાત રહેતી ન હોય અને બાકી બે છેડા બંને દીવાલો સાથે જોડેલા હોય છે. એનો એક છેડો જ્યાં પૂ. ગુરુદેવનો ફોટો મા ગાયત્રી જોડે હતો. દીવાલમાંથી કાંચીનો છેડો છૂટો પડી ગયો અને નીચે પડવાની તૈયારીમાં હતો. પણ મા અને ગુરુદેવે એવો અટકાવી દીધો ને નીચે પડવા દીધો નહીં. અમે તરત જ બાળકોને બહાર કાઢ્યાં. આચાર્ય સાહેબને મળી ગામમાંથી મિસ્ત્રી–સુથાર બોલાવી લાવી તાબડતોબ સ્થંભ ઊભો કરી તેની પર કાંચી ગોઠવી દીધી. સદ્‌નસીબે અમારાં ચોસઠ જેટલાં ભૂલકાં અને અમે બંને શિક્ષકોના જાન જોખમમાંથી બચી ગયાં. મેં બાળકોને કહ્યું કે આજે ગાયત્રી મા અને ગુરુદેવે આપણને જીવનદાન આપ્યું. આપણા ગાયત્રી–જપ સફળ થયા.

મારા વર્ગમાં મુસ્લિમ, માછી, હરિજન બાળકો સાથે બેસી ગાયત્રી મંત્રનો જપ કરે છે. મેં બોર્ડ પર ગાયત્રી મંત્ર લખેલો છે, તે જોઈ બાળકો બોલે છે, અને દરેક વિદ્યાર્થીના પુસ્તકના પ્રથમ પાને ગાયત્રી મંત્ર લખેલો હોય છે.



Scanned by CamScanner

પ્રિય વાચક બન્ધુઓ, પૂજ્યશ્રી અને ગાયત્રી માતામાં સમ્પૂર્ણ વિશ્વાસ રાખી જપ કરનારનું મા મધદરિયેથી ડૂબતુ નાવ જરૂર ઊગારે છે એમાં શંકાને સ્થાન નથી. મારા ગાયત્રી બન્ધુઓ રાત-દિવસ ગાયત્રી જપ કરે એ જ અભ્યર્થના."

લિ. માનો ચરણરજ
**વલ્લભસિંહ ડી. દરબાર**

*    *    *

આજના વિજ્ઞાનયુગમાં અને બુદ્ધિજીવીઓના સમાજમાં દેવ-દેવીઓના ફોટાઓ આ રીતે સાથે રાખવાની વાત કદાચ ઉપહાસને પાત્ર નીવડે અને વ્યક્તિની ભીરુતા સિદ્ધ થાય કે ઘેલછારૂપ ગણાય, પણ તેમ છતાં એ વ્યક્તિની નિજી શ્રદ્ધા અને વિશ્વાસ છે, જેને કારણે તે આમ કરવા પ્રેરાય છે અને તેથી કરીને તેના એ શ્રદ્ધા ને વિશ્વાસ જ તેને આમ ઊગારે છે, જીતાડે છે.

સમાજની પ્રત્યેક વ્યક્તિમાં જો આવાં શ્રદ્ધા અને વિશ્વાસ ઉદ્ભવે ને કેળવાય તો સમાજમાં જે અનેક દૂષણો-સડાઓ-ગેરરીતિઓ પ્રવર્તી રહી છે તે જરૂર દૂર થાય. ખાસ કરીને શિક્ષકો વર્ગમાં નાનાં ભૂલકાંઓમાં શ્રદ્ધા અને વિશ્વાસના બીજ રોપે, પરમતત્ત્વની શરણાગતિનાં સંસ્કારનું સિંચન કરે એ આજના જમાનાની તાતી જરૂરિયાત છે. જે શિશુમાં શૈશવથી જ પરમતત્ત્વની ઉપાસનાનાં અંકુર રોપાશે તો જ તે તેના જીવનને સુખી, સમૃદ્ધ ને સમુન્નત બનાવી શકશે. તે જ વ્યક્તિ આધ્યાત્મિકતાને માર્ગે જઈ શકશે, આગળ વધી શકશે.

દરેક શિક્ષક તેમ જ દરેક માબાપ પોતાનાં બાળકોને આ રીતે સંસ્કારિત કરશે તો વ્યક્તિગત, સામાજિક, દેશ અને વૈશ્વિક ધોરણે ઉત્થાન સાધી શકાશે એ નિશ્ચિત છે.

*    *    *

□


**Manufacturer of**

# ELECTRICAL ACCESSORIES

# STANDARAD ELECTRICAL PRODUCTS

1, Sadhana Industrial Estate, S. V. Road, Oshiwada Bridge,
Jogeshwari ( West ), Bombay - 400 102

Gram : Seproswich Bombay 400 102    Phone : 573220




Scanned by CamScanner

# પારુલને ઓસ્ટીઓમાઇલીટીઝ સારો થયો !

આપણાં શાસ્ત્રોમાં-વેદોમાં-ઉપનિષદોમાં અખૂટ અને ગહન તત્ત્વજ્ઞાન રજૂ થયું છે, જેમાં પરમાત્માના સાકાર-નિરાકાર સ્વરૂપ, ગુણો અને ઐશ્વર્યની અનેકવિધ પ્રકારે વિશદ ચર્ચા થઈ છે. જ્ઞાન, ભક્તિ, કર્મ, ધ્યાન અને યોગની વિભાવનાઓ ઈશ્વરીય ઉપાસનાનું વિવિધ રીતે નિદર્શન કરે છે. કર્મકાંડનાં અનેક વિધાનો—યજ્ઞયાગાદિને ઉપાસનાનાં ઉપકરણો તરીકે સ્વીકાર્યાં છે. આજના યંત્રયુગમાં ઈશ્વરીય અસ્તિત્વને, એના અસ્તિત્વનાં નિદર્શનરૂપ વિવિધ ઉપકરણોને, વિભાવનાઓને કેવળ તાર્કિક દલીલ દ્વારા મિથ્યા અને ક્ષુલ્લક માનવામાં આવે છે, અંધશ્રદ્ધા કહી વખોડીને ઉપહાસપાત્ર બનાવી દેવાય છે. માનવી સ્વબુદ્ધિના બળે કુદરત પર વિજય મેળવવાના મિથ્યા પ્રયાસ કરી રહ્યો છે. ઈશ્વરના અસ્તિત્વ-અનસ્તિત્વની તાર્કિક દલીલોમાં રાચી રહે છે. વિજ્ઞાને માનવીને અનેકવિધ સુખસગવડો કરી આપ્યાં છે તેથી એણે જાણે કુદરત પર વિજય મેળવ્યો હોય એમ મિથ્યાભિમાનમાં રાચે છે. અને એ રીતે ઈશ્વરના અસ્તિત્વનો અસ્વીકાર કરીને સ્વકીય બુદ્ધિને સર્વસમર્થ માનીને, ઈશ્વરીય શક્તિને-લીલાને આંબવાનો પોકળ પ્રયાસ કરી રહ્યો છે. પરંતુ, વિજ્ઞાનનાં અવનવાં સંશોધનોએ માનવીની સગવડોની સાથે જરૂરિયાતો વધારી છે અને માનવજીવનને વધુ સંકુલ બનાવ્યું છે. એટલું જ નહિ, એની સગવડોની સાથે સાથે એની મુશ્કેલીઓ પણ વધી છે. ઈશ્વરીય શક્તિનો, એની લીલાનો, એના અસ્તિત્વનો અનુભવ માનવી કેવળ પોતાની શ્રદ્ધા અને શરણાગતિ દ્વારા જ કરી શકે છે. એક વાર શ્રદ્ધા હોય કે ન હોય, બધી જ તાર્કિક દલીલો, વિચારો અને આપણી પોતાની માન્યતાઓને બાજુ પર મૂકીને, આપણી આજુબાજુના વાતાવરણમાં બનતા પ્રસંગો કે જેમાં ઈશ્વરની શક્તિનો, એની લીલાનો વિજય થયેલો જોઈ શકાય, એનો અભ્યાસ કરી, એવું બારીકાઈથી અવલોકન કરી, એ દ્વારા, એક પ્રયાસ તરીકે, એક અનુભવ મેળવવાના હેતુથી પણ ઈશ્વરની શરણાગતિનો સ્વીકાર માનવી જો કરે તો જરૂર એને ઈશ્વરીય શક્તિનો, એના અસ્તિત્વનો વિરલ અને અલૌકિક અનુભવ થશે, એમાં કોઈ સંદેહ નથી.

અત્રે પ્રસ્તુત કરેલો પ્રસંગ માનવીય બુદ્ધિ અને એ બુદ્ધિએ સર્જેલ વિજ્ઞાનનાં અવનવાં સંશોધનો અને સગવડોની મર્યાદા તેમ જ ઈશ્વરીય શક્તિની નિઃસીમતાનું નિદર્શન કરે છે, જે પ્રત્યેક વાચકને એક નૂતન શ્રદ્ધા અને આશા સંપડાવી આપશે એ નિઃશંક છે.

કચ્છના શ્રી. અશોકભાઈ બી. ઠાકોર લખી જણાવે છે કે,

"જયાં આદ્યશક્તિ છે, જયાં ગુરુજ્ઞાન છે અને જયાં આત્મા ભક્તિમાં અસક્ત છે ત્યાં આ દેહમાં સાધ્ય કે અસાધ્ય રોગની શી મજાલ છે કે ભયંકર ગણાતા ઓસ્ટીઓમાઈલીટીઝ જેવા રોગ પણ ન મટી શકે. આ અવનિ પર જેમ જેમ ડૉક્ટર્સ વધ્યા, તેમ તેમ માણસોના શરીર પર રોગ અને દર્દો પણ વધ્યાં. એટલું ખરું કે કેટલાક રોગ એટલા ભયંકર બની વધ્યા, પણ ડૉક્ટર પાછળ રહી જતા મ્હાત કરવા માટે આગળ ન વધ્યા.

આ અવનિ પર ગણતરીના દિવસો પસાર કર્યાં ત્યાં જ જેને કેન્સર જેવા ભયંકર રોગ સાથે સરખાવી શકાય તેવા ઓસ્ટીઓમાઈલીટીઝ (હાડકાનો સડો) રોગે પારુલના શરીર પર આક્રમણ કર્યું".



Scanned by CamScanner

સામાન્યતઃ બન્ને પગનાં હાડકાંની બીમારી અને તે પણ બાલ્યાવસ્થાએ બાળકીના ભવિષ્યનો વિચાર કરતાં પિતૃહૃદય–માતૃહૃદય બંને કંપી ઊઠ્યાં. રોગ ભયંકર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં જ યેન કેન પ્રકારેણ નાશ કરી લેવાનો નિર્ધાર કર્યો.

વિજ્ઞાનયુગ સાથે કદમ મેળવી ચાલતો આજનો માનવી રોગનું હંમેશને માટે વિસર્જન કરવા સર્જનના સહારે જાય છે. ત્રણ જ માસની નાની પારુલને સર્જન પાસે લઈ ગયા. ઉપરોક્ત નામ ધારણ કરેલ રોગનું નિદાન થયું. સારવારરૂપે ઓપરેશન અને પ્લાસ્ટર, પરન્તુ રતિભાર પણ ફાયદો દેખાયો નહીં. જેથી બીજી વખત ઑપરેશન અને પ્લાસ્ટર. કુમળી કળી જેવા બાળકને કયા ગુના તળે આ ઑપરેશનની સજા થઈ રહી હતી!? ......બીજી વખત પણ નિષ્ફળતા! છેવટે ઓર્થોપેડીકના ખાસ સર્જનનું નિદાન મેળવ્યું બીજી વખત પણ એ જ નિદાન એ જ પરિણામ. એક બાજુ માતૃહૃદય ભય અનુભવતું હતું, બીજી બાજુ કુદરતનો પ્રકોપ, જ્યારે ત્રીજી બાજુ વેદના અને ચિંતાથી પિતૃહૃદય વ્યથિત હતું. ચોથી વખત ઓપરેશન અને પ્લાસ્ટર, પાંચમી વાર ઓપરેશન અને પ્લાસ્ટર. સર્જનનો એક જ અભિપ્રાય કે જો નસીબ હોય તો જ બચાવી શકાય. છઠ્ઠી વખત પણ ઓપરેશન અને પ્લાસ્ટર. પણ કોઈ જ ફરક ન પડ્યો. કર્મનો જ દોષ ગણાય ને? એમ હતાશા–નિરાશાના બેવડા મારથી હણાઈને તીવ્ર મનોવેદનાના મહાસાગરમાં ડૂબી ગયા. ચોતરફથી નિરાશા સાંપડી. સતત ત્રણ વર્ષ સુધી સાતથી આઠ હજાર જેટલી રકમ દવાદારૂ પાછળ ખર્ચી છતાં કોઈ સફળતા ન મળી. દિવસો પસાર થતા ગયા. ‘લાખો નિરાશામાં એક અમર આશા છુપાયેલી છે’ એ કહેવત અનુસાર એક સાંજે ઑફિસ વર્કથી કંટાળી એક વર્તમાનપત્ર ‘સંદેશ’ વાંચી રહ્યો હતો ત્યાં જ ‘અગોચર મનની અજાયબી’ના વિભાગ પર નજર ગઈ. વાંચ્યું, જાણ્યું. બસ એ અજાયબીને આંબવા ને એક માત્ર છેલ્લી આશાને સાકાર કરવા પૂ. શાસ્ત્રીજીને મળવાની પ્રેરણા થઈ. તા. ૧૯–૫–૮૦ ના રોજ પૂ. શાસ્ત્રીજીને મળ્યો. જે કાર્ય માટે દર્શનાર્થે ગયા હતા એ ઇતિથી અંત સુધી વાત કરી. ફલશ્રુતિ રૂપે પૂ. શાસ્ત્રીજીએ એ બાળા માટે જીવનજળ આપ્યું. અને ગાયત્રીમંત્રની ત્રણ માળા કરવા કહ્યું. જાણે દૈવી શક્તિનો ચમત્કાર થયો. ત્રીજા જ દિવસે પગમાંથી વહેતી રસી બિલકુલ બંધ થઈ ગઈ. સફળતાનો સંતોષ થયો. એ જ નિત્યક્રમ અને કર્મ ચાલુ રાખ્યાં. આજે એ પારુલ ચાર વર્ષની થઈ. કોઈપણ તકલીફ વિના વ્યવસ્થિત રીતે ચાલે છે, ફરે છે ... ... રમે છે.”

આમ વિજ્ઞાનની અવનવી સિદ્ધિઓ હોવા છતાં આવા અનેક રોગો માટે તબીબી વિજ્ઞાન ઊણું ઊતરે, એનું નિદાન કરવા, એના ઉપચાર કરવા અસમર્થ નીવડે ત્યારે ઈશ્વરની – પોતાના કોઈપણ ઇષ્ટદેવની શરણાગતિ અને શ્રદ્ધા મનુષ્યને શરીરમાં આવાં અનેક અસાધ્ય કષ્ટોમાંથી મુક્ત કરવા સમર્થ બને છે. એટલું જ નહિ, આવા અનુભવ વેળાએ મનુષ્ય ઇચ્છે કે ન ઇચ્છે, એને શ્રદ્ધા હોય કે ન હોય, પણ ઈશ્વરની શરણાગતિ સ્વીકાર્યા વિના બીજો કોઈ આરો નથી રહેતો. જ્યાં વિજ્ઞાન અટકે છે, જ્યાં માનવીય બુદ્ધિ અટકે છે, જ્યાં લૌકિક પ્રયત્નો થંભે છે, તાર્કિક દલીલો જ રહી જાય છે અને ઈશ્વરીય શક્તિનો, એના અસ્તિત્વનો, એની લીલાનો આવો અલૌકિક અનુભવ માનવી કરી રહે છે ત્યારે જ ઈશ્વર પ્રત્યેની સાચી શ્રદ્ધા–શરણાગતિનો આવિષ્કાર થાય છે.

□



Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવનો કાર્યયજ્ઞ – અમેરિકામાં....

૧૯૮૨ની પૂજ્ય ગુરુદેવની અમેરિકાની મુલાકાત દરમિયાન આધિ–વ્યાધિ–ઉપાધિમાંથી મળેલ રાહત તેમ જ આધ્યાત્મિક–મમતાળુ માર્ગદર્શનથી અમેરિકામાં વસતા ઘણાં ભાઈબહેનોને માનસિક શાંતિ અને રાહતનો અનુભવ થયો હતો. પૂજ્યશ્રીના માર્ગદર્શન અનુસાર વર્તવાથી ઘણાં ભાઈબહેનોના પ્રશ્નોનો ઉકેલ આવી ગયો હતો.

પ્રતિવર્ષ પૂજ્ય ગુરુદેવ – શાસ્ત્રીજી–અમેરિકામાં પધારી કાર્યયજ્ઞ આપશે એવી ત્યાં વસતાં ઘણાં ભાઈબહેનોએ ઇચ્છા પ્રદર્શિત કરી હતી. એલનટાઉન–પેન્સીલવેનિયામાં રહેતા શ્રી અરવિંદભાઈ દેસાઈ ને પૂજ્યશ્રીના કાર્યયજ્ઞની આર્થિક જવાબદારી ઉપાડી, માનવસેવાના કાર્યમાં સહ્‌ભાગી થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું, તે અનુસાર આ વર્ષે ૧૯૮૪માં દોઢ મહિનાનો કાર્યકજ્ઞ અમેરિકામાં યોજવામાં આવ્યો હતો.

આ કાર્યયજ્ઞની જ્યોતના પ્રણેતા પૂજ્યશ્રી શાસ્ત્રીજી અમેરિકામાં પધારે તે માટેની જરૂરી સુવિધાનું આયોજન કરવા અને સેવા કરવાનો લાભ પોતાને પણ મળે તે માટે ઘણાં ભાઈબહેનોએ પોતાનાં નામ નોંધાવ્યાં હતાં.

કાર્યયજ્ઞની જ્યોતનો મીઠો શાતાકારી પ્રકાશ માનવમાત્રને મળી રહે, તેમનાં દુઃખ-દર્દ દૂર થાય, માનસિક શાંતિનો અનુભવ થાય અને આધ્યાત્મિક ઉત્થાન થાય તે આશયથી પૂજ્ય ગુરુદેવે અમેરિકામાં જુદે જુદે સ્થળોએ કાર્યયજ્ઞ યોજી વ્યક્તિગત મુલાકાત, માર્ગદર્શન, જીવનજળ શક્તિપ્રદાન દ્વારા વ્યક્તિની માનસિક અશાંતિ અને દુઃખ–દર્દોની આહુતિ આપી હતી.

૧૬ મી એપ્રિલે રાતે ન્યુયોર્ક પહોંચી રાતના બાર વાગ્યા સુધી શ્રી હરિપ્રસાદભાઈ દેસાઈ અને અન્ય ભાઈબહેનો સાથે બેસી સમગ્ર કાર્યયજ્ઞના આયોજનની ચર્ચા કરી. અમેરિકામાં જુદા જુદા સ્થળે વસતાં ભાઈબહેનોને પૂજ્યશ્રીના કાર્યયજ્ઞનો લાભ મળે તે પ્રમાણે ગોઠવણ કરી.

ન્યુયોર્ક, ન્યુજર્સી, એલનટાઉન–પેન્સીલવેનિયા, સ્પ્રીંગ સીટી–ફીલાડેલ્ફીયા, સીલ્વર સ્પ્રીંગ–વોંશીંગ્ટન ડી. સી., લોસ એન્જેલીસ, સાનફ્રાન્સીસ્કો, સાન્તાક્રોશ, સાનજોસે, સાનડીયાગો, શીકાગો, નોક્સવીલ, નેશવીલ–સેલ્બીવીલ, વગેરે સ્થળોએ પૂજ્યશ્રીના કાર્યયજ્ઞમાં ગુજરાતી, પંજાબી, મદ્રાસી, સિંધી, મુસ્લિમ અને ખ્રિસ્તી, ઉપરાંત અમેરિકન, આફ્રિકન અને ઇટાલિયન ભાઈબહેનોએ ભાગ લીધો હતો.

ન્યુયોર્કમાં એક દિવસ અને ન્યુજર્સીમાં ત્રણ દિવસ સહજ ધ્યાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં ઘણાં ભાઈબહેનોને ઘણા સારા અનુભવો થયા હતા. આધ્યાત્મિક શક્તિનો તેમ જ માનસિક શાંતિનો અનુભવ થયો હતો.

વ્યક્તિગત મુલાકાત દરમિયાન મેળવેલ જીવનજળ, અન્ય સૂચનો, ગાયત્રી મહામંત્રના જાપ કરવાથી ઘણાંને વણ–કલ્પેલાં ફળદાયી પરિણામો મળ્યાં છે.

નોક્સવીલમાં જ્ઞાનગોષ્ઠિ કાર્યક્રમમાં પૂજ્ય બહેનજીએ પૂજ્ય ગુરુદેવના કાર્યયજ્ઞનો ખ્યાલ આપી ગાયત્રી મહામંત્ર વિષે વિગતે સમજાવ્યું અને ચર્ચા દરમિયાન જણાવ્યું કે દરેક ઘરને મંદિર બનાવીએ, ઘરમાં પોતાના ઈષ્ટદેવનું, મા ગાયત્રીનું એક સ્થાન રાખીએ, દરરોજ સવારે ભગવાનને પગે લાગીને



Scanned by CamScanner

દૈનિક કાર્યનો આરંભ કરીએ. રાત્રે સૂતાં પહેલાં ઘરનાં પરિવાર સાથે ઓછામાં ઓછી દસ મિનિટ સુધી સત્સંગ, ગાયત્રી મંત્રજાપ કરીએ. અમેરિકામાં જન્મેલાં અને ઉછરેલાં બાળકોમાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારનું બીજારોપણ કરવાનું અને એ કુમળાં બાળમાનસને પોષવાનું કાર્ય દરરોજ ચાલુ રાખવું જોઈએ, આધ્યાત્મિકતા આપણી ભારતીય સંસ્કૃતિનો પાયો છે. ઘરમાં આધ્યાત્મિક, સાત્વિક વાતાવરણ રાખવું એ દરેક માબાપની અને દરેક ભારતીયની પવિત્ર ફરજ બની રહે છે.

મહિને, પંદર દિવસે, એક રજાના દિવસે, રોટેશનમાં મિત્રવર્તુળ, સગાંસંબંધીના સાથમાં બે-ત્રણ કલાકનો સત્સંગ રાખવો.

જે શાંતિ માટે આપણે બહારની દુનિયામાં ફાંફાં-વલખાં મારીએ છીએ તે શાંતિ તો આપણી ભીતરમાં જ છૂપાયેલી છે. ગાયત્રી મહામંત્રજાપથી આપણી ભીતરના મેલને-કાટને દૂર કરીશું તો શાંતિનો અનુભવ જાતે જ કરી શકીશું.

પૂજ્ય ગુરુદેવે જણાવ્યું, સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી મા-બાળકનો સંબંધ કેળવી ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લો અને મન-વચન-કર્મથી પવિત્ર રહેવાનો પ્રયત્ન કરશો તો બાકીનું બીજું બધું માતાજી સંભાળી લેશે.

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત.

NARENDRA
PROCESSING
INDUSTRIES

Tele. : Factory : 34066, 34067 * Resi. : C/o 24889

□

3-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002


Scanned by CamScanner

**મોક્ષ ને સંસારમાં જો ફેર છે તો એ,**
**એક આતમજાગૃતિ, અવર મૂર્છા સ્વરૂપ.**

દ્વંદ્વોમાંથી – સુખદુઃખ, લાભહાનિ, જયાજય, આનંદ, ઉદ્વેગમાંથી છુટકારો મળે તેનું જ નામ છે મોક્ષ. અને પળે પળે તેમાં લપટાતા જવું તેનું નામ છે સંસાર. જે વાસ્તવમાં નથી તેને વાસ્તવિક જોઈ-અનુભવીને તે સિવાય અન્ય કંઈ નથી તે રીતે જીવન વિતાવ્યે જવું અને અમરત્વનાં સોણલાં સેવ્યે જવા (છતાં મૃત્યુ તો ધ્રુવ જ છે) તેને સંસાર કહો કે માયા જે કહો તે. માટે સંસાર મૂર્છા છે. મૂર્છાવસ્થામાં આપણને આપણી અસલી અવસ્થાનું ભાન રહેતું નથી. તેથી મોક્ષ અને સંસારમાં પાયાનો ફરક માત્ર એટલો જ છે કે જે કંઈ દેખાય છે, જે કંઈ લાગે છે કે 'છે' તે હકીકતમાં નથી તે સમજવું તે જ મોક્ષ. અન્ય સૌ કંઈ સંસાર. સાચું જળ અને ઝાંઝવાનો ફરક પારખી જતાં મોક્ષ અને સંસાર આપમેળે સમજાઈ જાય છે.

**છે પતંગ પણ દીવાનો, કે જ્યોત પર નાચ્યા કરે,**
**અહીં પાગલ બની જવાનો અસલી રિવાજ છે.**

દીવો ને પતંગિયું (શમા ને પરવાનો), ફૂલ ને ભ્રમર, ભગવાન અને ભક્તિ – આ જોડલીઓમાં ફનાગીરી-ખપી જવું તે જ તેમનું સર્વસ્વ છે, જીવનમંત્ર છે, પ્રેમનું આત્મવિલોપન. ભક્ત જ્યાં સુધી ભગવાનમાં ખોવાઈ ન જાય, સ્વયંને ભૂલી ન જાય ત્યાં સુધી ભગવાન સામા પક્ષે જ ઊભો રહે છે. પ્રભુ પણ ભક્તમાં ખોવાઈ જતો નથી, ત્યાં સુધી અદ્વૈત સધાતું નથી. પ્રેમમાત્રની ઓળખ એક જ છે – એકમેકમાં ખોવાઈ જવું. પોતાનું અસ્તિત્વ ન્યોછાવર કરી દેવું. અહીં પાગલ બની જવાનો અસલી રિવાજ છે. પૂ. શ્રીનો શરણાગતિનો સૂર પણ આ જ હકીકત રજૂ કરે છે.

**આવી જતાં આ દ્વાર પર હું શિરથી ઝૂકી ગયો,**
**કોણ જાણે કેમ હૃદય પણ અહીં ભૂલી ગયો.**
**લડયો'તો તર્ક સાથે આમ તો હું તાગ લેવા, તોય**
**આખર ભાન જેવું જે હતું તે ય પણ ભૂલી ગયો.**

પરમાત્માએ બક્ષેલી બુદ્ધિથી, આ માપપટ્ટીથી તો ફક્ત જગતને જ માપી શકાય, પરમાત્માને નહીં. તેને મેળવવા માટે તો હૃદય–અંતર જ જોઈએ. છતાં, મનુષ્ય બુદ્ધિના માપદંડથી પોતાની દરેક સમસ્યાઓને ઉકેલવા સંપૂર્ણ પ્રયત્નો કરે છે. પહેલાં વિજ્ઞાન (બુદ્ધિ-તર્ક) પછી જ્ઞાન (ભક્તિ-શરણાગતિ) પરમાત્મા દરેકને પ્રત્યક્ષ થતાં નથી, પરન્તુ તેનું કીર્તન કરતાં તેની કૃપા તો પરોક્ષપણે જરૂર આપણામાં ઊતરે જ છે. પરમાત્મા પોતાના પ્રતિનિધિઓ, સન્તો દ્વારા પોતાની કૃપા માનવીમાં ઊતારે છે. માનવીને જ્યારે કોઈ સાચા સન્ત પ્રાપ્ત થાય છે, ત્યારે તેનું અહં ઓગળી જાય છે – તેને સન્ત પ્રતિ આદરભાવ, અહોભાવ પ્રગટ થાય છે. શ્રદ્ધા જન્મે છે. એ અશરણ સાચી શરણાગતિનો આશરો લે છે. સન્તના દ્વારે જતાં સૌ પ્રથમ તો શિર (બુદ્ધિ) જ નમી જાય છે – હૃદયના ભાવોથી તે એટલો તરબતર થઈ જાય છે કે તે હૃદયને જ ભૂલી જાય છે–કેવળ ભાવમય. અત્યાર સુધી પોતાની બુદ્ધિ (મર્યાદિત જ્ઞાન) ઉપર મુસ્તાક રહ્યો તે બદલ તેને ભારોભાર અફસોસ થાય છે. અને છેવટે, તેનું જે હું તરીકેનું ભાન હતું તે ભાન આ મહા ભાનમાં વિલીન થઈ જાય છે. પૂ. શ્રી સમક્ષ ઉપસ્થિત થતાં, તેઓશ્રીના સાન્નિધ્યમાં આવતાં આ દિવ્ય અનુભવ બહુ જ સહજ રીતે થાય છે.

□

Scanned by CamScanner

# સમાચાર

૧. ગુરુપૂર્ણિમા તા. ૧૩-૭-૮૪ શુક્રવારના રોજ પૂજ્ય ગુરુદેવના નિવાસસ્થાને ઉજવવામાં આવશે. પૂજ્ય ગુરુદેવ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી દર્શન આપશે.

૨. પૂજ્ય ગુરુદેવનો ઇંગ્લેન્ડનો કાર્યયજ્ઞ તા. **૫-૮-૮૪ થી તા. ૨૬-૮-૮૪ સુધી:**

અ. તા. **૫-૮-૮૪ થી** ૭-૮-૮૪ : રવિવારથી મંગળવાર-લંડનમાં પ્રોગ્રામ
સમય સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી

**સરનામું** : No. 5 EAGLE ROAD, OFF EALING ROAD,
WEMBLEY MIDDLE SEX HAO-450

**ટેલીફોન** : 01-902-7924

**પ્રોગ્રામ કન્ઇવારી ટેલીફોન** : 01-902-3029

બ. તા. ૯-૮-૮૪ **થી** ૧૦-૮-૮૪ ગુરુવાર-શુક્રવાર : લેસ્ટરમાં

તા. ૧૩-૮-૮૪ **થી** ૨૪-૮-૮૪ લેસ્ટરમાં પ્રોગ્રામ

સમય : સાંજે ૫-૦૦ થી ૭-૦૦ સુધી

**ઈન્કવાયરી ટેલીફોન** : 0533-354-611

ક. તા. ૧૧-૮-૮૪ **થી** ૧૨-૮-૮૪ : બર્મીંગહામમાં પ્રોગ્રામ.

સમય: સાંજે ૪-૦૦ થી ૭-૦૦ સુધી

**ઇન્કવાયરી ટેલીફોન** : 0533-354-611

૩. આસો નવરાત્રિ તા. ૨૬-૯-૮૪ થી તા. ૩-૧૦-૮૪ સુધી (૮ દિવસ) છે. અનુષ્ઠાન કરવા ઇચ્છતાં ઉપાસક ભાઈબહેનોને પૂજ્ય ગુરુદેવ આશીર્વાદ પાઠવે છે.

૪. ૧૯૮૪ માં જે વાચક ભાઈબહેનોનું 'આધ્યાત્મિક કેડી'નું લવાજમ પૂરું થાય છે, તેઓએ આગામી ૧૯૮૫ ના વર્ષ માટે પોતાનું લવાજમ ડિસેમ્બર ૧૯૮૪ સુધીમાં ભરી દેવું.

૫. તા. ૪-૮-૮૪ થી તા. ૨૬-૮-૮૪ સુધી ઇંગ્લેન્ડમાં પૂજ્યશ્રીનો કાર્યયજ્ઞ હોઈ અમદાવાદમાં મળી શકશે નહિ.




મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ


**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

**'ભગવતી'**

ઉદવાડા - Rs. ૩૯૬૧૮૫, (ડિ. વલસાડ)


Scanned by CamScanner



પ્રખર ગાયત્રી - ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શકય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

□

Scanned by CamScanner